RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 262* Date: 19.07.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મુંબઇમાં ભારે વરસાદથી વિનાશ, ઠેર-ઠેર પાણી ભરાયા

# મુંબઇના ચેમ્બૂર-વિક્રોલીમાં ભૂસ્ખલન : દિવાલ પડતા ૨૩ લોકોના મોત



### હજુ ઘણા લોકો દટાયા હોવાની આશંકા, બચાવ કાર્ય હજુ પણ ચાલુ, મુંબઈનો સાયન રેલવે ટ્રેક સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો,રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિતના લોકોએ દુઃખ વ્યક્ત કર્યું, ૨ લાખની સહાય જાહેર કરી

*મુંબઈ,તા.૧૮*

ભારે વરસાદના કારણે ફરી માયાનગરી મુંબઈમાં આફત આવી ગઈ છે. મુંબઈમાં રાતથી જ પડી રહેલા ભારે વરસાદને કારણે અને સ્થળે પાણી ભરાઈ ગયા છે અને રસ્તાઓ પર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. મહારાષ્ટ્રના ચેમ્બુર અને વિક્રોલી વિસ્તારમાં ભૂસ્ખલનને લીધે દીવાલ પડતાં ૨૩ લોકોનાં મોત થયા છે. મુંબઈમાં વાશી નાકા નજીક ન્યૂ ભારત નગરમાં ભારે વરસાદને પગલે શનિવારે મધરાતે એક વૃક્ષ તૂટી પડ્યું હતું અને તેને લીધે દીવાલ ધસી પડી હતી. આ ઘટનામાં ૧૯ લોકો મૃત્યુ પામ્યાં છે અને બે લોકો રાજાવાડી હૉસ્પિટલમાં સારવાર બાદ રજા આપવામાં આવી છે. અન્ય ૪ લોકો વિક્રોલી નજીક ઈમારત તૂટી પડતા થયેલા અકસ્માતમાં મૃત્યુ પામ્યાં છે.

આ અકસ્માત પંચશીલ ચાલી વિસ્તારમાં સૂર્ય નગર પાસે ભારે વરસાદને કારણે મધરાતે ૩.૩૦ વાગે આ ઘટના બની હતી. મળતી માહિતી અનુસાર કાટમાળ હેઠળ હજુ પણ કેટલાક લોકો દબાયેલા હોવાનો ભય વ્યક્ત કરવામાં આવ્યો છે. જેથી લોકોને બચાવવા માટે કાટમાળ દૂર કરી રેસ્ક્યુ ઓપરેશન પૂરજોશમાં શરું છે. જોકે સતત પડતા વરસાદના કારણે બચાવકાર્યમાં મુશ્કેલી પડી રહી છે. અત્યાર સુધીમાં ૧૬ લોકોને કાટમાળ હેઠળથી બહાર કાઢવામાં આવ્યા છે અને મેડિકલ સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના મુખ્ય મંત્રીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. મૃતકોના પરિવારજનોને વડા પ્રધાનના આપદા રાહત ભંડોળમાંથી ૨ લાખની સહાય અને ઈજાગ્રસ્તને ૫૦ હજારની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેએ મૃતકોના પરિવારજનોને ૫ લાખની સહાય અને ઈજાગ્રસ્તોને મફત સારવાર આપવાનું કહ્યું છે.

ભૂસ્ખલનને કારણે ૧૫-૨૦ ઝૂંપડીઓ તૂટી પડી છે અને એનડીઆરએફ દ્વારા તેમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આશંકા છે કે હજી ત્યાં વધારે લોકો દબાયેલા હોઈ શકે છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૨૫૩.૩ મીમી વરસાદ નોંધવામાં આવ્યો છે. છેલ્લા ૧૨ વર્ષમાં ત્રીજીવાર જુલાઈ મહિનામાં એક દિવસમાં આટલો વરસાદ પડ્યો છે. આઈએમડીના આંકડા અનુસાર આ પહેલા પણ ૧૫ જુલાઈ ૨૦૦૯ના રોજ મુંબઈમાં ૨૭૪.૧ મીમી વરસાદ પડ્યો હતો તો ૨ જુલાઈ ૨૦૧૯ના રોજ ૩૭૬.૨ મીમી વરસાદ પડ્યો હતો.

મહારાષ્ટ્રમાં દર વર્ષની માફક આ વર્ષે પણ વરસાદ આફત બનીને આવ્યો છે. રસ્તાઓ પર ઘૂંટણ સમા પાણી ભરાયા છે. તો વળી કેટલીય જગ્યાએ રેલવે ટ્રેક પાણીથી છલોછલ થઈ ગયા છે. નિચાણવાળા વિસ્તાર વધારે ખરાબ હાલતમાં આવી ગયા છે. માયાનગરીમાં શનિવારે રાતથી વરસાદ થવાના કારણે કેટલાય ઘરોમાં પાણી ઘુસી ગયા છે.

શેરીઓમાં પાણી જોઈને લાગે છે કે જાણે પૂરનું પાણી શહેરમાં પ્રવેશી ગયું છે. વરસાદને કારણે, ચેમ્બુરની દિવાલ ધરાશાયી થતાં અને વિક્રોલીમાં બનેલી દુર્ઘટનામાં કુલ ૨૩ લોકોનાં મોત થયાં હતાં. એનડીઆરએફની ટીમ રાહત અને બચાવ કાર્યમાં લાગી છે.

મહારાષ્ટ્રમાં અવિરત વરસાદને કારણે ગાંધી માર્કેટ વિસ્તારમાં રસ્તાઓ પર પાણી ભરાયા છે. રસ્તા પર પૂરને કારણે વાહનોની અવરજવરમાં ઘણી સમસ્યા છે. ઘણા વાહનોએ પાણીમાંથી બહાર નીકળવાનો પ્રયાસ પણ કર્યો હતો પરંતુ તે વચ્ચે જ રોકાઈ ગયા હતા, જેના કારણે સમસ્યા હજી વધુ વધી ગઈ હતી.

શનિવારની રાતથી મહારાષ્ટ્રમાં વરસાદને કારણે મુંબઈના બોરીવલી પૂર્વ વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદનું પાણી રસ્તા પર એટલું ઝડપથી વહી રહ્યું છે કે કોઈ પણ તેને જોઈને ડરી જાય છે. પાણીની ગતિ એટલી ઝડપથી છે કે રસ્તા પર પાર્ક કરેલા વાહનો વહી રહ્યા છે.

મુંબઈમાં વરસાદનું પાણી ઘૂંટણની નીચે આવી ગયું છે. લાંબા સમયથી ગરમીનો સામનો કરી રહેલા લોકોને પણ વરસાદથી રાહત મળી છે. મુંબઈના સાયન શહેરમાં જળ ભરાયેલા કિંગ સર્કલની વચ્ચે કેટલાક લોકો પાણીમાં રમતા જોવા મળ્યા હતા.

મુંબઈમાં અવિરત વરસાદને કારણે સાયન રેલ્વે સ્ટેશનનો રેલ્વે ટ્રેક સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. તેવી જ રીતે ચુનાભટ્ટી રેલ્વે સ્ટેશન નજીક પાટા ઉપર ભારે પાણી ભરાયા છે. પાટા ઉપર પાણી ભરાઈ જવાને કારણે ટ્રેનોને રોકી દેવામાં આવી છે.

શનિવારે મોડી રાતથી મુંબઈમાં પડેલા મુશળધાર વરસાદને કારણે હનુમાન નગરથી કાંદિવલી સુધીના વિસ્તારમાં ઘૂંટણ-પાણી ભરાયા છે. વરસાદને કારણે લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયું છે. મુંબઈ અને આજુબાજુના રસ્તાઓ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

## ભારતમાં બનેલ કોવિશિલ્ડ રસી લેનાર લોકો ફ્રાન્સમાં પ્રવેશ કરી શકશે

પેરિસ,તા.૧૮

ફ્રાન્સે ભારતમાં બનાવવામાં આવેલી કોવિશીલ્ડ નામની એસ્ટ્રાઝેનેકાની વિક્સિનના ડોઝ લેનારા આંતરરાષ્ટ્રીય યાત્રીઓને દેશમાં આવવાની પરવાનગી આપી છે. આ નિર્ણય રવિવારથી અમલમાં આવશે. ફ્રાન્સે કોરોના વાયરસના ડેલ્ટા પ્રકારના સંક્રમણને રોકવા અને હૉસ્પિટલને દબાવથી બચાવવા માટે સરહદ પર તપાસ અને સખ્તાઈ વધારી દીધી છે.

ફ્રાન્સે ભારતના સીરમ ઈન્સ્ટિટ્યુટ દ્વારા બનાવવામાં આવેલી એસ્ટ્રાઝેનેકાની રસી કોવિશીલ્ડ લગાવનારાઓને દેશમાં આવવાની પરવાનગી આપી છે. ફ્રાન્સે આ પરવાનગી યુરોપીય સંઘ દ્વારા ફક્ત યુરોપમાં બનેલી એસ્ટ્રેઝેનેકાની રસીને માન્યતા આપવા પર થયેલી ટીકા બાદ આપી છે. અનેક યુરોપિયન દેશ પહેલા જ ભારતમાં નિર્મિત એસ્ટ્રેઝેનેકાની સીરમ ઈન્સ્ટિટ્યુટ દ્વારા બનાવવામાં આવેલી રસીને મંજૂરી આપી ચૂક્યા છે. આ વેક્સિનનો ઉપયોગ મોટા પ્રમાણમાં બ્રિટન અને આફ્રિકામાં થઈ રહ્યો છે. દરેક દેશમાં અલગ-અલગ નિયમ હોવાના કારણે આ વર્ષે ગરમીની રજાઓમાં મુસાફરી કરવી વધારે જટિલ થઈ ગઈ છે. ફ્રાન્સે અત્યાર સુધી ચીન અથવા રશિયાની રસીને માન્યતા નથી આપી. યુરોપીય સંઘે ફાઈઝર-બાયોએનટેક, મૉડર્ના, જોનસન એન્ડ જોનસન અને એસ્ટ્રેઝેનેકાની રસીને મંજૂરી આપેલી છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં કોવિશીલ્ડનો ઉપયોગ વધારે છે અને મોટાભાગના લોકોએ કોવિશીલ્ડ લગાવી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૩૩

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૪૯૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૧

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૩૯૨૪

### આજથી ચોમાસુ સત્ર

## ખેડૂતો-કોરોના-મોંઘવારી મુદ્દે વિપક્ષ બઘડાટી બોલાવશે

*ન્યુ દિલ્હી,તા.૧૮*

સોમવારથી સંસદના ચોમાસુ સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ૧૯ દિવસ ચાલનારા આ સત્રમાં વિવિધ મુદ્દે ભારે હંગામો મચે તેવી શકયતા છે. કોરોના, પેટ્રોલ-ડીઝલના ભાવ, ખેડૂતના પ્રશ્નો, વેકસીનેશન સહિતના મુદ્દે ધબધબાટી બોલે તેવી શકયતા છે. સત્ર પૂર્વે સરકાર અને વિપક્ષ પોતપોતાની રણનીતિ ઘડવામાં વ્યસ્ત છે અને બેઠકોના દૌર શરૂ થયા છે. આ સત્રમાં સરકાર ૩૦ બીલ પસાર કરાવવા માંગે છે. આ સત્ર સવારે ૧૧ થી ૬ સુધી ચાલશે અને તે ૧૩ ઓગષ્ટે પુરૂ થશે.

બન્ને ગૃહોની બેઠક સવારે ૧૧ વાગ્યે શરૂ થશે. આ સત્ર ૧૩ ઓગષ્ટ સુધી ચાલશે. સત્ર દરમિયાન કોરોનાના પ્રોટોકોલનું પાલન કરવામાં આવશે. રોજ સાંજે ૬ વાગ્યા સુધી બેઠક ચાલશે. આ સત્રમાં સરકાર ૩૦ જેટલા ખરડાઓ પસાર કરાવવા માંગે છે. જેમાં ૧૭ બીલ નવા હશે અને ૧૩ સંશોધિત હશે.

વિપક્ષે સરકારને ઘેરવાની તૈયારી કરી રહી છે તો વડાપ્રધાને મંત્રીઓને તમામ તૈયારીઓની સાથે સંસદમાં તેમની વાત રાખવાનું કહ્યું છે , વડાપ્રધાને રાજયકક્ષાના પ્રધાનોને તેમના કેબિનેટ કક્ષાના પ્રધાનો સાથે બેઠક કરી મંત્રાલયના કામો કરવાનો નિર્દેશ આપ્યો છે.

વટહુકમ દ્વારા ઈન્સોલ્વન્સી એન્ડ બેક્રરપ્સી કોડ (સુધારા ) બીલ , ધ એસેન્શીયલ ડીફેન્સ સર્વિસ બીલ , અને કમિશન ફોર એર ક્વોલીટી મેનેજમેન્ટ ઈન દિલ્હી બીલ રજૂ કરવામાં આવશે. આ ત્રણ બીલમાંથી આવશ્યક સંરક્ષણ બીલ ઉપર ધમાલ મચવાની પૂરી શક્યતા છે. કારણકે આ બીલમાં દેશભરમાં સેના માટે હથિયાર, દારૂગોળા અને ગણવેશ બનાવવાના કારખાનામાં હડતાળને ગેરકાનૂની ગણવામાં આવશે. તેમજ હડતાળમાં સામેલ લોકોને ૨ વર્ષ સુધીની જેલ પણ થઈ શકે છે આવી જોગવાઈને કારણે આ બીલનો વિરોધ થઈ શકે છે. સંઘ સાથે જોડાયેલા મજૂર સંઘે પણ આ બીલનો સખત વિરોધ કર્યો છે.

આ ઉપરાંત દિલ્હી એનસીઆર અને આજુ બાજુના વિસ્તારોમાં પરાળી સળગાવાના કારણે જે વાયુ પ્રદૂષણ ફેલાય રહ્યું છે. તેને રોકવા માટે પણ બીલ આવી રહ્યું છે, તેના પર પણ વિપક્ષ ભારે હંગામો મચાવી શકે છે. દિલ્હી સરહદ પર વિરોધ કરી રહેલા ખેડૂતો પણ આ બીલનો વિરોધ કરી રહ્યાં છે. વીજ સુધારણા બીલ, ડિપોઝિટ વીમા અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન બીલ, કોલસો બેરિંગ એરિયાઝ (એક્વિઝિશન) બીલ અને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી જેવા કુલ મહત્વના ૧૪ બીલ રજુ કરવામાં આવશે.

## શિવસેનાએ એનસીપીને ગઠબંધનમાં ઝેર ના ઘોળવાની શિખામણ આપી

મુંબઇ,તા.૧૮

શરદ પવારની પીએમ મોદી સાથેની મિટિંગ બાદ મહા વિકાસ અઘાડી સતત ચર્ચામાં છે. એનસીપી અને શિવસેનાની વચ્ચે ખટપટના સમાચાર પણ સામે આવી રહ્યા છે. આ દરમિયાન શિવસેનાએ એનસીપીના સાંસદ અમોલ કોલ્હેને લઈને સખ્ત નિવેદન આપ્યું છે અને ગઠબંધનમાં ઝેર ના ઘોળવાની શિખામણ આપી છે. શિવસેનાના પ્રવક્તા કિશોર કાન્હેરેએ કહ્યું છે કે શિરૂર સાંસદ કોલ્હેને એ ના ભૂલવું જોઈએ કે ઉપમુખ્યમંત્રી અજીત દાદા પવાર રાજ્ય ચલાવવા માટે સતત મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથે વિચાર-વિમર્શ કરી રહ્યા છે. શિવસેનાએ અભિનેતાથી નેતા બનેલા શિરૂર સાંસદ ડૉ. અમોલ કોલ્હેને તેમના એક નિવેદન બાદ નિશાન બનાવ્યા છે. કોલ્હેએ હાલમાં જ કહ્યું હતું કે, એનસીપી પ્રમુખ શરદ પવારની કૃપાથી જ ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા છે. કોલ્હેના આ નિવેદન બાદ કાન્હેરેએ કહ્યું છે કે, “અમોલ કોલ્હેની યાદશક્તિના પરીક્ષણનો સમય આવી ગયો છે. અભિનેતાને સ્ક્રિપ્ટ જોઈને ડાયલોગ બોલવાની આદત હોય છે, આ કારણે કદાચ તેઓ ભૂલી ગયા છે કે તેઓ ઉદ્ધવ ઠાકરેની કૃપાથી જ રાજનીતિમાં છે. આ કારણે સત્તાની દ્રાક્ષ તમને મળી છે એ ખાટી ના કરો.” ઉલ્લેખનીય છે કે કોલ્હે અને એનસીપીની આ નિવેદનબાજીથી પહેલા ગુરૂવારના જ એનસીપી ચીફ શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેએ લગભગ ૩૦ મિનિટ મુલાકાત કરી હતી. આમાં મહાવિકાસ અઘાડી સરકારને લઈને અનેક મુદ્દાઓ પર વાતચીત થઈ હતી. ઉલ્લેખનીય છે કે શનિવારના રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના ચીફ શરદ પવારે સંસદના મૉનસૂન સત્રથી ૨ દિવસ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.

### કર્ણાટકના પૂર્વ સાંસદ જી.મેડગૌડાનું સારવાર દરમ્યાન નિધન

બેંગ્લુરુ,તા.૧૮

કર્ણાટકની માંડ્યા બેઠકના પૂર્વ સાંસદ જી. મેડગૌડાનુંસારવાર દરમિયાન નિધન થયું છે. જાણવા મળી રહ્યું છે કે, તેઓ છેલ્લાં ઘણા સમયથી ફેફસાના રોગથી પીડિત હતા. કર્ણાટકના મુખ્યપ્રધાન બી.એસ. યેદીયુરપ્પાએ પૂર્વ સાંસદના અવસાન પર શોક વ્યક્ત કરતા લખ્યું હતું કે, મેડગૌડાએ હંમેશા ગાંધીજીના ઉપદેશોનું પાલન કર્યું હતું અને કાવેરી નદીના પાણી માટેના આંદોલનમાં તેઓની મહત્વની ભુમિકા હતી. ઉલ્લેખનીય છે કે, પૂર્વ સાંસદ જી મેડગૌડાની શનિવારે તબિયત લથડતા કર્ણાટકના માંડ્યા જિલ્લાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં આજે સારવાર દરમિયાન તેમનું ૯૩ વર્ષની ઉંમરે નિધન થયું છે.

## દેશમાં પાછલા ૨૪ કલાકમાં ૪૧,૧૫૭ નવા કેસ, ૫૧૮ લોકોના મોત

ન્યુ દિલ્હી,તા.૧૮

સ્વાસ્થ્ય મંત્રાલયે રવિવાર સવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૧,૧૫૭ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૧૮ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૧૦,૨૬,૮૨૯ થઈ ગઈ છે. બીજી તરફ દેશમાં કુલ ૪૦,૪૯,૩૧,૭૧૫ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. એક દિવસમાં ૫૧,૦૧,૫૬૭ લોકોને રસી આપવામાં આવી છે.

દેશમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ મહામારી સામે લડીને ૩ કરોડ ૨ લાખ ૬૯ હજાર ૭૯૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪૨,૦૦૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૪,૨૨,૬૬૦ એક્ટિવ કેસ છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૪,૧૩,૬૦૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૭ જુલાઈ, ૨૦૨૧ સુધીમાં ભારતમાં કુલ ૪૪,૩૯,૫૮,૬૬૩ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. શનિવારના ૨૪ કલાકમાં ૧૯,૩૬,૭૦૯ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

૨૪ કલાકમાં વધુ ૪૨,૦૦૪ દર્દીઓ સાજા થવાના કારણે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૨,૬૯,૭૯૬ થઈ ગઈ છે. નવા કેસની સામે સાજા થયેલા દર્દીઓ વધતા એક્ટિવ કેસની સંખ્યા ૪,૨૨,૬૬૦ થઈ ગઈ છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૭ જુલાઈ સુધીમાં કુલ ૪૪,૩૯,૫૮,૬૬૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જયારે ગઈકાલે વધુ ૧૯,૩૬,૭૦૯ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

એઈમ્સના પ્રમુખે શનિવારે એ ચેતવણી આપી છે કે ભારતમાં કોરોના વાયરસની ત્રીજી લહેર ‘હીટ્રૈંકહ્નર્ક્ષ્ી’ છે અને તે આવતા મહિને દેશમાં આવી શકે છે માટે બધાએ ઘણા સાવચેત રહેવાની જરૂર છે કારણકે થોડી પણ બેદરકારી ફરીથી ભયાનક રૂપ લઈ શકે છે. તમને જણાવી દઈએ કે સતત ચેતવણી છતાં પણ લોકો નિયમો અને પ્રોટોકૉની અનદેખી કરી રહ્યા છે.

ગતરોજ કેરેલામાં કુલ ૧૬ હજાર કરતા પણ વધારે પોઝિટીવ કેસ સામે આવ્યા છે. સાથેજ ૧૧૪ લોકોએ અહીયા પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. જોકે સારી બાબત એ પણ છે કે ત્યા ૧૩ હજાર કરતા વધારે દર્દીઓ સાજા થયા છે. હાલ કેરળમાં કુલ ૨૮૩૭ એક્ટિવ કેસ વધ્યા છે જેના કારણો લોકોમાં ભય ફેલાયો છે.

## તંત્રી સ્થાનેથી...

# ઓલિમ્પિક રમતોને ધ્યાનમાં રાખી દરરોજ થશે ૮૦ હજાર કોરોના ટેસ્ટ



*કોરોના વાયરસના કહેરની વચ્ચે ૨૩ જુલાઈથી જાપાનની રાજધાની ટોક્યોમાં ઓલિમ્પિક રમતોત્સવ યોજાનાર છે. ઓલિમ્પિક રમતોના આયોજકોએ કોરોના વાયરસના જોખમને પહોંચી વળવા ખૂબ જ કડક નિર્ણય લીધા છે. ઓલિમ્પિક રમતોને ધ્યાનમાં રાખીને, દરરોજ લગભગ ૮૦ હજાર કોરોના વાયરસ ટેસ્ટ કરવામાં આવશે. નેગેટિવ રિપોર્ટ વિના ઇવેન્ટમાં પ્રવેશ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.*

*હકીકતમાં, ઓલિમ્પિક રમતોમાં ૧૧,૫૦૦ રમતવીરો અને લગભગ ૭૯,૦૦૦ સંચાલકો, સપોર્ટ સ્ટાફ અને મીડિયા કર્મીઓ હાજર રહેશે. કોરોના વાયરસના ચેપને રોકવા માટે, ઓલિમ્પિક રમતોમાં ભાગ લેનાર દરેક વ્યક્તિનો કોરોના માટે દરરોજ ટેસ્ટ કરવામાં આવશે. ઓલિમ્પિક ગેમ્સ ૨૦૨૦ની આયોજક સમિતિએ ૨૩૦ ડોક્ટરો અને ૩૧૦ નર્સોની દેખરેખ રાખવા અને આ ટેસ્ટ કરવા માટે વ્યવસ્થા કરી છે. કોઈ પણ ખેલાડી અથવા સ્ટાફના સભ્યને કોવિડ-૧૯ નેગેટિવ ટેસ્ટ રિપોર્ટ વિના ઇવેન્ટમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં.*

*ગેમ્સની આયોજક સમિતિએ શનિવારે માહિતી આપી હતી કે ૧ જુલાઈથી ૧૫ જુલાઇની વચ્ચે ૧૫,૦૦૦ લોકો જાપાનમાં પ્રવેશ્યા. તેમાંથી ૧૫ એવા હતા જેમના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને, ઓલિમ્પિક રમતોમાં ૪૪ હજાર લોકોને તૈનાત કરવામાં આવ્યા છે. ઓલિમ્પિક રમતોના પહેલા શુક્રવારે સ્પોર્ટ્સ વિલેજમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ સામે આવ્યો હતો. આઇઓસી પ્રમુખ થોમસ બાખ, જોકે, ખાતરી આપી હતી કે ઓલિમ્પિક રમતોમાં ભાગ લેનારા લોકો હજી જોખમમાં નથી અને આખી પરિસ્થિતિ નિયંત્રણમાં લાવવામાં આવી છે. બાખે કહ્યું, "૧ જુલાઈથી ૧૬ જુલાઇ સુધીમાં, આશરે ૧૫,૦૦૦ એથ્લેટ્સ, અધિકારીઓ, સપોર્ટ સ્ટાફ અને માન્યતા પ્રાપ્ત મીડિયા વ્યક્તિ ટોક્યો પહોંચ્યા છે. દરેકના આગમન સમયે પરીક્ષણ કરાયું હતું. ૧૫,૦૦૦ માંથી માત્ર ૧૫ જ પોઝિટિવ જોવા મળ્યા. આ ખૂબ જ નીચો દર છે. પોઝિટિવ આવનાર બધા લોકો એકલા થઈ ગયા છે. તેઓ ઓલિમ્પિકના ભાગ લેનારાઓ અને જાપાનના લોકો માટે જોખમ નથી. ટોક્યો ઓલિમ્પિક્સ ૨૩ જુલાઈથી ૮ ઓગસ્ટ દરમિયાન યોજાનાર છે. આ પછી, જાપાનમાં જ પેરાલિમ્પિક ગેમ્સ યોજાશે.*

# દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ કલ્પના બહાર: સચિન પાયલટ

જયપુર,તા.૧૮

દેશમાં કોરોના મહામારીનો સામનો કરી રહેલી પ્રજા પર પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાનો બોજ સતત વધી રહ્યો છે. દેશમાં શનિવારે પેટ્રોલના ભાવમાં પ્રતિ લીટર ૩૦ પૈસાનો વધારો થયો હતો જ્યારે ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નહતો. આ સાથે દેશમાં પેટ્રોલ અને ડીઝલમાં ૭૫ દિવસમાં ૪૧ વખત ભાવ વધારો ઝીંકાયો છે, જેને કારણે પેટ્રોલ ૧૧.૪૪ અને ડીઝલ ૯.૧૪ રૂપિયા મોંઘાં થયા છે. પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારાની ટીકા કરતાં કોંગ્રેસના નેતા સચિન પાયલટે દાવો કર્યો છે કે, દેશના ૨૫૦ શહેરોમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ રૂપિયાને પાર થઈ ગયો છે. આ બાબતની કોઈ કલ્પના થઈ શકે તેમ નથી.

દેશમાં પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીના પરીણામો જાહેર થયા પછી ૪થી મેથી નિયમિત સમયાંતરે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાની પરંપરા ચાલુ રહી છે. જોકે શનિવારે ડીઝલના ભાવમાં કોઈ વધારો કરાયો નહોતો. બીજી જુલાઈ પછી ત્રીજી વખત ડીઝલમાં ભાવ વધારો ટાળવામાં આવ્યો છે જ્યારે ૧૨મી જુલાઈએ ડીઝલમાં પ્રતિ લીટર ૧૬ પૈસાનો ઘટાડો કરાયો હતો. દેશના પાંચ મેટ્રો દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા અને બેંગ્લોરમાં પેટ્રોલે ૧૦૦ રૂપિયાની સપાટી વટાવી દીધી છે.

# મારી સાથે સેલ્ફી લેવા માટે આપવો પડશે ૧૦૦ રૂ. ચાર્જ: સંસ્કૃતિ મંત્રી

ભોપાલ,તા.૧૮

પેટ્રોલ, ડીઝલ અને એલપીજી બાદ હવે મંત્રી સાથે સેલ્ફી લેવી પણ મોંઘી થઈ ગઈ છે. અમે આવું એટલા માટે કહી રહ્યા છીએ કારણ કે મધ્યપ્રદેશમાં પણ આવું જ કંઈક થયું છે. પહેલેથી જ અહીંના લોકો મોંઘવારીથી પરેશાન છે, બીજી તરફ હવે મંત્રી સાથે સેલ્ફી લેવા પણ પૈસા ચૂકવવા પડશે. હકીકતમાં, મધ્યપ્રદેશના સંસ્કૃતિ પ્રધાન ઉષા ઠાકુરે જાહેરાત કરી છે કે તેમની સાથે સેલ્ફી લેવા પર હવે ૧૦૦ રૂપિયા ચાર્જ થશે. તાજેતરમાં મંત્રી ઉષા ઠાકુરે કહ્યું હતું કે 'સેલ્ફીમાં સમય ખૂબ ખરાબ થાય છે, કેટલીક વખત આપણે સેલ્ફીના કારણે મોડા પડીએ છીએ. આને સંગઠનાત્મક દૃષ્ટિકોણથી ધ્યાનમાં લેવામાં આવ્યું છે. અમારી પાસે અહીં મંડળ એક્ઝિક્યુટિવ છે, જેમાં મંડળ દ્વારા લેવામાં આવેલી સેલ્ફીની સંખ્યા, તે ટ્રેઝરી પ્રમુખ પાસે ૧૦૦ રૂપિયા ફી જમા કરશે. જેથી તે રકમનો ઉપયોગ સંગઠન માટે જ કરવામાં આવશે. તેમણે આ બધી વાતો ખંડવા પ્રવાસ દરમિયાન કરી હતી. ભાજપના કાર્યકરોના એક કાર્યક્રમમાં આ નિવેદન આપનારા ઉષા ઠાકુરે સાથે સાથે કહ્યુ હતુ કે, બૂકેની જગ્યાએ પુસ્તક આપીને સન્માન કરો. એવુ પુસ્તક કે જે કોઈના કામમાં આવી શકે.

# પત્રકારત્વની સફર (૪૮): જ્યોતીન્દ્ર દવેની વિશેની સંશોધન-સફર

## ઉર્વીશ કોઠારી.

'સરદાર: સાચો માણસ, સાચી વાત'ને સારો આવકાર મળ્યા પછી એક આમંત્રણ મુંબઈથી આવ્યું. સૌરભ શાહ હરકિસન મહેતાના પુત્ર સાથે મળીને એક વ્યાખ્યાન-કાર્યક્રમ શરૂ કરી રહ્યા હતા. તેના પહેલા મણકામાં સરદાર વિશે બોલવા માટે તેમણે મને કહ્યું. ત્યાં સુધીમાં સૌરભભાઈની અને મારી વચ્ચે વૈચારિક રીતે સામસામા ધ્રુવ જેટલું અંતર પડી ચૂક્યું હતું અને એ વિશે અમે બંને જરાય ભ્રમમાં ન હતા. તેમનું આમંત્રણ મેં સ્વીકાર્યું. એ માટે હું એક દિવસ વહેલો મુંબઈ જવાનો હતો. તે સાંજે મુંબઈમાં સૌરભભાઈની કારકિર્દીનાં પચીસ વર્ષ નિમિત્તે એક કાર્યક્રમ હતો. તેમાં પણ મારે કંઈક બોલવું, એવું તેમણે કહ્યું.

પચીસ વર્ષ અંગેનો કાર્યક્રમ ચર્ચગેટ સ્ટેશનની સામે આવેલા વેપારી મહામંડળ હૉલમાં ઉપરના માળે હતો. તેમાં આશુ પટેલ અને બીજા થોડા મિત્રો-પરિચિતો મળ્યા હતા એવું યાદ છે. તેમાં મેં ૨૦૨૫માં ગુજરાતી પત્રકારત્વ કેવું હશે તેનો હાસ્યવ્યંગસભર આલેખ રજૂ કર્યો હતો. તેમાંથી એક નમૂનો: 'અત્યારે એવી ફરિયાદ થાય છે કે ગુજરાતી પત્રકારોને અંગ્રેજી વાંચતાં નથી આવડતું. ૨૦૨૫માં એવી ફરિયાદ થશે કે તેમને ગુજરાતી વાંચતાં પણ નથી આવડતું. એ લોકો નર્મદ-દલપત કે મુનશી-મેઘાણી વાંચી શકે તે માટે ગુજરાતી ટુ ગુજરાતી ટુ ઇંગ્લિશ ડિક્શનેરીઓ કાઢવી પડશે.'

બીજા દિવસે મારા વક્તવ્યના કાર્યક્રમમાં મંચ પર સાથે સુરેશ દલાલ અને વર્ષા અડાલજા હતાં. સૌરભભાઈએ પ્રેમથી મારી ઓળખાણ આપી, અમારી વચ્ચેના મતભેદોની વાત કરી અને છતાં મને શા માટે બોલાવ્યો તે પણ કહ્યું. તે વખતે મારો બોલવાનો સંકોચ પૂરેપૂરો દૂર થયો ન હતો. ઉપરાંત સુરેશ દલાલ જેવા લોકરંજક વક્તા અને વર્ષાબહેન જેવાં વરિષ્ઠ લેખિકા સાથે બેસવામાં-તેમની ઉપસ્થિતિમાં બોલવામાં થોડો સંકોચ પણ ખરો. છતાં, સરદાર વિશે બોલવાનું હતું એટલે વાંધો ન આવ્યો. એ કાર્યક્રમ માટે 'આરપાર' તરફથી પ્રણવ અને બિનીત પણ 'સરદાર: સાચો માણસ, સાચી વાત'ની થોડી નકલો લઈને સાથે આવ્યા હતા.

ત્યાર પહેલાં સપ્ટેમ્બર,૨૦૦૫માં સાહિત્ય પરિષદે યોજેલા 'હાસ્યસત્ર'માં વિનોદ ભટ્ટ વિશે મારે બોલવા જવાનું થયું. સાથે પરમ મિત્ર હસિત મહેતા હતા. તેમને બકુલ ત્રિપાઠી વિશે બોલવાનું હતું. બીરેન પણ અમારી સાથે જોડાયો. અમે ત્રણે સુરત રહેતા વડીલ મિત્ર બકુલ ટેલરના ઘરે રોકાયા. આવા પ્રસંગે મુખ્ય કાર્યક્રમ કરતાં વધારે લાલચ ગપ્પાંગોષ્ઠિના સમાંતર કાર્યક્રમની હોય. સુરતમાં પણ બકુલભાઈના ઘરે અમે મજબૂત સત્સંગ કર્યો. ઉપરાંત, જ્યોતીન્દ્ર દવે વિશેના મારા સંશોધન અંગે તેમના સમયના બે સાહિત્યકારો રતિલાલ 'અનિલ' અને ગઝલકાર 'આસીમ' રાંદેરીને પણ અમે ચહીને મળ્યા.

'અનિલ' ખાસ્સા અસ્વસ્થ અને દુ:ખી હતા, જ્યારે નેવુ વટાવી ચૂકેલા 'આસીમ' જૂના, ભવ્ય મકાનમાં સાહ્યબી સાથે રહેતા હતા. સાંભળવાની થોડી તકલીફ હતી, પણ સંવાદ થઈ શકતો હતો. તેમણે પ્રેમથી વાતચીત કરી. એ વખતે હેન્ડીકેમ સાથે રાખ્યો હતો. એટલે 'આસીમ' રાંદેરીને સાથેની વાતચીતનું રેકોર્ડિંગ પણ કર્યું. તેમની સાથે વાત કરવામાં અમને બહુ આનંદ આવ્યો. અમે ઉભા થયા એટલે તે રૂમના દરવાજા સુધી મુકવા આવ્યા. કહે, 'આપ લોગોંસે મિલકે અગલે ઝમાનેકી શરાફત યાદ આ ગઈ.'—અને અમને ચારેયને થયું કે આ તો આપણી લાગણી હતી, જે તેમણે કહી દીધી.

સાહિત્ય પરિષદના હાસ્યસત્રમાં જતી વખતે ખ્યાલ ન હતો કે મહિનામાં જ સાહિત્ય પરિષદ સાથે જરા જુદી રીતે પનારો પાડવાનો આવશે. સાહિત્ય પરિષદનાં સો વર્ષ પૂરાં થતાં હોવાથી અમે 'આરપાર'માં તેની કવર સ્ટોરી કરવાનું વિચાર્યું. સાહિત્ય પરિષદ વિશે અંગત રીતે મને કશો ભાવ નહીં. હું તેનો સભ્ય પણ ન હતો. (હજુ નથી) છતાં, સાહિત્યની એક સંસ્થાને સો વર્ષ થાય તો 'આરપાર'માં તેના વિશે જરૂર કવર સ્ટોરી થઈ શકે. 'આરપાર'ના રિવાજ પ્રમાણે અમે કવર સ્ટોરીના જુદા જુદા ભાગ વિચારવાનું શરૂ કર્યું.

સ્ટોરીનો મુખ્ય ભાગ ચંદુભાઈ મહેરિયાએ લખ્યો. પ્રકાશભાઈએ (પ્રકાશ ન. શાહે) સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાના પ્રશ્ન અને પરિષદની માળખાકીય મોકળાશનો કસ કાઢવાની વાત કરતો એક પાનાનો લેખ આપ્યો. મેં રઘુવીર ચૌધરીનો ઇન્ટર્વ્યૂ કર્યો. ઉપરાંત પરિષદમાં જઈને થોડી વિગતો મેળવી. પરિષદના મંત્રી હરિકૃષ્ણ પાઠક સાથે મારે તીખી નોંકઝોંક થઈ. તે વિશે પણ લખ્યું. બીરેને પરિષદની માથાકૂટોથી દુ:ખી થઈને ગયેલા અને વડોદરામાં રહેતા પરિષદની લાયબ્રેરીના ભૂતપૂર્વ ગ્રંથપાલ પ્રકાશ વેગડનો ઇન્ટર્વ્યૂ કર્યો. તેમણે ભૂતકાળના બનાવો અંગે વાત કરીને વાજબી લાગે એવો રોષ ઠાલવ્યો. વિષ્ણુ પંડ્યાએ દુર્ગા ભાગવતની (ઇન્દિરા ગાંધીની) સરકાર સામે થવાની નિર્ભીકતા, વિવિધ મહત્ત્વના પ્રસંગે પરિષદની ઊણી ભૂમિકા અને તસલીમા નસરીનની મુશ્કેલી સામે સાહિત્યકારો કેમ ચૂપ છે—એ પ્રકારના મુદ્દા સાથે એક લેખ કર્યો. સરકારનો વિરોધ કરનાર સાહિત્યકારો ત્યારે વિષ્ણુભાઈને મન આદરણીય હતા.

કશા પૂર્વનિર્ધારીત ઘાટ વગર પરિષદની કવર સ્ટોરીનાં વિવિધ પાસાં વિકસતાં ગયાં. મુખપૃષ્ઠ પર સાહિત્ય પરિષદના પ્રતીક તરીકે શું મૂકવું? એક દિવસ હું ઘરેથી (રોલવાળો) કેમેરા લઈને આવ્યો અને પરિષદ જઈને તેના મકાનના ત્રણ-ચાર ફોટા પાડ્યા. તેમાંથી બે ફોટા મુખપૃષ્ઠ પર મૂક્યા. તેમાંનો મુખ્ય ફોટો જોઈને મિત્ર સંજય ભાવેએ એવો આનંદ વ્યક્ત કર્યો હતો કે પરિષદની લોખંડી ચોકઠાબંધી ફોટામાં પ્રતિકાત્મક રીતે સરસ આવી છે. અમે તો ફોટો સારું કમ્પોઝિશન જોઈને મુક્યો હતો. પરંતુ કવર સ્ટોરીએ ફોટોને નવો અર્થ આપ્યો.

કવર સ્ટોરીમાં આગળ જણાવેલા બધા લેખ હોવા છતાં, 'પરિષદની ઓટલા પરિષદ' મથાળા હેઠળ પ્રગટ થયેલી કેટલીક વિગતોના ટુકડા સૌથી તકરારી પુરવાર થયા. મથાળા પરથી જ સ્પષ્ટ છે તેમ, તે લખાણમાં થોડી મસાલેદાર, પણ તથ્યોની રીતે સાચી વાતો હતી. તેમાં જેમની ભૂમિકા વિશે નકારાત્મક ઉલ્લેખ હતા, એવા કેટલાક બહુ દુ:ખી થયા. એકાદે વકીલ મારફત નોટીસ મોકલી હતી એવું પણ સ્મરણ છે. અમે એવી નોટીસને જરાય ગંભીરતાથી લીધી ન હતી. ઉલટું, એવી પ્રતિક્રિયાઓએ અમારી ટીમને વધારે છંછેડવાનું કામ કર્યું. કેમ કે, જે કંઈ છપાયું તે બિનપાયાદાર ન હતું અને તે છાપવા પાછળ કોઈ વ્યક્તિગત ગણતરી કે દ્વેષ કારણભૂત ન હતાં. કેટલીક વિગતો એવી હતી કે તે ક્યાંથી આવી અને કોણે લખી, તે શોધવા ઠીક ઠીક પ્રયાસ થયા, પણ તે કોઈને જાણવા મળ્યું નહી.

ત્યાર પછીનો અંક દશેરા વિશેષાંક હતો. હું ત્યારે દિવાળી અંકની કામગીરીમાં વ્યસ્ત હોવાથી દશેરા અંક માટે અમે—ચંદુભાઈએ અને મેં—'જીવનને સંકોરે-પ્રકાશમય કરે તેવું વાંચન' એવા મથાળા સાથે કેટલાંક ચુનંદાં જૂનાં લખાણ આપ્યાં. અગાઉનાં સંપાદનો જેટલું ઉત્તમ તે ન હતું. છતાં, તે સમૃદ્ધ-વિચારપ્રેરક વાચન પૂરું પાડે એવું અને ચીલાચાલુ કરતાં તો સારી રીતે જુદું હતું જ. એ અંકમાં સાહિત્ય પરિષદ વિશેની અગાઉની સ્ટોરીનો બીજો ભાગ પ્રગટ થયો. તેમાં 'સૌના મનમાં ઉઠતા, પણ ભાગ્યે જ પૂછાતા કેટલાક પ્રશ્નો'—એવા મથાળા હેઠળ તારક મહેતા, ડૉ. હસુ યાજ્ઞિક, નરોત્તમ પલાણ, ગુણવંત શાહ, ડૉ. શરીફા વીજળીવાળા, સરૂપ ધ્રુવ, મણિલાલ હ. પટેલ, હરીશ મંગલમ્, ડૉ. રજનીકાન્ત જોશી અને મનીષી જાની જેવાં લેખકોને કેટલાક સવાલ પૂછીને એ દરેક પાસેથી તેના જવાબ મેળવાયા હતા. તે સવાલો હતા:

(૧) ધારો કે તમે પરિષદના પ્રમુખ હો તો ક્યાં ત્રણ કામ સૌથી પહેલાં કરો? (તારકભાઈનો જવાબ હતો: 'એક જ કામ: રાજીનામું આપી દઉં.')

(૨) પરિષદથી થયેલા ફાયદા અને ગેરફાયદા. (માત્ર ત્રણ-ત્રણ મુદ્દાની જ અપેક્ષા છે.)

(૩) પરિષદ લોકાભિમુખ નથી, એવા આરોપ સાથે સંમત છો? સંમતિ અથવા અસંમતિનાં કારણો.

(૪) પરિષદમાં વહીવટી ખર્ચ અને સાહિત્યિક પ્રવૃત્તિ પાછળ થતા ખર્ચનું પ્રમાણ કેટલું હોવું જોઈએ?

(૫) પરિષદમાં જૂથબંધીનો આક્ષેપ જૂનો છે. એ વિશે...

(૬) ગુજરાતી સાહિત્ય પરિષદ મુંબઈના સાહિત્યકારોને ગણતરીમાં નથી લેતી, એવી વાતમાં કેટલું તથ્ય છે?

ઉપરાંત, 'પરિષદની ઓટલા-પરિષદ'માં પરિષદ અંતર્ગત કામ કરતા ક.લા. સ્વાધ્યાય મંદિર વિશે કેટલીક અસુખ ઉપજાવનારી વિગતો મુકાઈ હતી અને મુદ્દાસર સવાલ પણ પૂછવામાં આવ્યા હતા. એ લેખનું મસાલેદાર મથાળું હતું, 'કહ દો કે યહ સબ જૂઠ હૈ'.

પરિષદ વિશે બે અંકમાં જે કંઈ છપાયું, તે કોઈને કીડીને કોશના




ડામ જેવું, કોઈને સનસનાટીપૂર્ણ, તો કોઈને સાહિત્ય પરિષદ જેવી અપ્રસ્તુત સંસ્થા માટે આટલાં સમયશક્તિ ન બગાડાય—એવું લાગ્યું. પરંતુ એક વર્ગ એવો પણ હતો જેમને આ પ્રકારની તપાસ અને તેમાં ઊભા થતા મુદ્દા વાજબી લાગ્યા. મારું, બીજા લખનારનું કે 'આરપાર'નું સાહિત્ય પરિષદના મામલે કશું સ્થાપિત હિત ન હતું. 'આરપાર'ના અહેવાલોથી નારાજ લોકો પણ એ સમજતા હતા. છતાં, તે નારાજ થાય એવાં પૂરતાં કારણ અહેવાલોમાં હતાં અને અમને તેનો રંજ ન હતો.

નારાજગી ઉપરાંત બીજી લાગણી સાહિત્ય પરિષદ પ્રત્યેના મમત્વની અને સંસ્થાકીય ચિંતાની પણ હશે. એટલે બે અંકોમાં અહેવાલો છપાયા પછી વિનોદ ભટ્ટે અમને મળવા બોલાવ્યા. વિનોદભાઈ હોદ્દાની રૂએ પરિષદના ટ્રસ્ટી હતા. જેના વિશે લખ્યું હોય એવી કોઈ સંસ્થાના હોદ્દેદાર અમને બોલાવે તો કંઈ જવાનું ન હોય. પણ વિનોદભાઈ સાથેનું સમીકરણ અંગત હતું. તેમની સાથે મારે મહિને-બે મહિને અમસ્તો ગપ્પાંગોષ્ઠિનો વ્યવહાર હતો-પ્રેમ અને આદરનો સંબંધ હતો. 'આરપાર'ના પણ તે શુભેચ્છક હતા. એટલે 'આરપાર'ના પ્રતિનિધિ તરીકે અને વિનોદભાઈ પ્રત્યેના આદરને કારણે મનોજભાઈ ભીમાણી, પ્રણવ અને હું—અમે ત્રણે વિનોદભાઈના બંગલે પહોંચ્યા. ઘણી વાતો થઈ.

વિનોદભાઈ પ્રત્યેની નહીં, પણ કેટલીક ગરબડો પ્રત્યે ઉગ્રતા સાથે મેં થોડી વાતો કરી અને કેટલાક સવાલ દોહરાવ્યા. પરંતુ તેમણે એ બધી ચર્ચા છોડીને પણ અમારા સંબંધને આગળ કરીને પરિષદ વિશે હવે વધુ ન લખવા અમને કહ્યું. તેમની સમજાવટ એ મતલબની હતી કે 'જેવી છે તેવી, પણ કોઈ સંસ્થાને આટલું નુકસાન થાય તે ઠીક નહીં.' અમારી પાસે વધુ મસાલો હતો, પરંતુ મૂળભૂત રીતે જે કહેવાનું થાય એવું ઘણુંબધું લખાઈ ચૂક્યું હતું. ઉપરાંત, વિનોદભાઈની આમન્યા પણ ખરી. એટલે અમે બે અંક પછી પરિષદ વિશે લખવાનું માંડવાળ કર્યું.

'આરપાર'ના દશેરા અંકમાં જ દિવાળી અંકની એક પાનાની જાહેરખબર છપાઈ હતી. તે અંક જ્યોતીન્દ્ર દવે વિશેષાંક તરીકે આવવાનો હતો. ત્રણ-ચાર વર્ષ પહેલાં, જ્યોતીન્દ્ર જન્મશતાબ્દિ નિમિત્તે રતિલાલ બોરીસાગરે મને જ્યોતીન્દ્ર દવે વિશે સંશોધન કરવા માટે ઉશ્કેર્યો, તૈયાર કર્યો અને ધક્કો માર્યો ત્યારથી મેં બીજાં બધાં કામની વચ્ચે તક અને અનુકૂળતા મળે ત્યારે જ્યોતીન્દ્ર વિશેનું કામ શરૂ કર્યું હતું. સંશોધનકાર્ય હાથમાં લીધું ત્યારે મને જરાય અંદાજ નહીં કે તેમાં કેટલે ઊંડે જવાનું થશે. હું ધારતો હતો કે ગુજરાતી હાસ્યસાહિત્યમાં અવ્વલ ગણાતા જ્યોતીન્દ્ર દવે વિશે વળી શું બાકી હોય? ઘણુંખરું થયેલું જ હશે. થોડુંઘણું ખૂટતું હું શોધવા કોશિશ કરી જોઈશ. પરંતુ ગુજરાતમાં સામાન્ય રીતે બને છે તેમ, જ્યોતીન્દ્ર દવે વિશે હરીફરીને કેટલીક વાતો ને કેટલીક તસવીરો જ ચાલ્યા કરતી હતી. શરૂઆતમાં જ મને કેટલીક એવી વિગતો મળી, જે ત્યાર સુધી અજાણી હતી. એટલે મારો ઉત્સાહ વધ્યો.

જ્યોતીન્દ્ર દવે વિશેના સંશોધનની મઝા એ હતી કે એ કોઈ પ્રોજેક્ટનો ભાગ ન હતો કે કશી આગોતરી લાઇનદોરી પ્રમાણે જવાનું ન હતું. પરંતુ જેમ થોડું થોડું કામ કરતો ગયો, તેમ દિશાઓ સૂઝતી રહી અને અવનવી સામગ્રી મળતી રહી. હું જે સામગ્રી એકઠી કરી રહ્યો હતો તેનું શું કરીશ, એવું પણ વિચાર્યું ન હતું. થતું કે એક વાર સામગ્રી મળે પછી જોયું જશે. મેં કામ શરૂ કર્યું ત્યારે જ્યોતીન્દ્રભાઈનાં પત્ની કરસુખબહેન વયોવૃદ્ધ છતાં સ્વસ્થ હતાં. એટલે મુંબઈમાં રહેતાં તેમના પુત્ર પ્રદીપભાઈ અને પુત્રી રમાબહેન સાથે વાત કરીને એવું આયોજન કર્યું કે એ બંને દંપતિ તથા કરસુખબહેન ભેગાં મળે અને હું તેમનો સામુહિક રીતે ઇન્ટર્વ્યૂ કરું-તેમની સાથે વાતચીત કરું. એ આયોજન ધાર્યા મુજબ પાર પડ્યું.

છેલ્લી નોકરી જ્યોતીન્દ્રભાઈએ મુંબઈમાં નહીં, પણ માંડવી (કચ્છ)ની શૂરજી વલ્લભદાસ કૉલેજમાં કરી હતી. 'આરપાર'નો દિવાળી અંક કરવાનું વિચાર્યું એટલે એક દિવસ હું માંડવી ઉપડ્યો. કૉલેજના આચાર્ય ડૉ. તુષાર હાથી અને અધ્યાપક રાજેશભાઈ બસિયાના સહકારથી મને ઘણી વિગતો મળી. જ્યોતીન્દ્રભાઈ આચાર્ય હતા તે વખતના બે અધ્યાપકોનો અને બીજાં કેટલાંક મહત્ત્વનાં પાત્રોનો ભેટો એક જ દિવસમાં થઈ શક્યો. રાત્રે હું માંડવીથી પાછો આવવા બસમાં બેઠો ત્યારે એક સરસ કામ સરસ રીતે પૂરું થયાનો આનંદ અને સંતોષ મનમાં હતો.

આખા અંકની બધી સામગ્રી વિશે લખવાની આ જગ્યા નથી. પરંતુ જેમ જેમ કામ આગળ વધતું ગયું, તેમ તેમ સમજાતું ગયું કે આ કશુંક વિશિષ્ટ બની રહ્યું છે અને તેમાં જે આવવાનું છે તેના વિશે ગુજરાતીમાં જૂજ લોકો જાણતા હશે. જ્યોતીન્દ્ર દવેવિષયક અઢળક સામગ્રી ઉપરાંત 'આરપાર'ની પરંપરા પ્રમાણે બીરેને, પ્રણવે અને મેં આખો હાસ્યવિભાગ તૈયાર કર્યો હતો. તેનું નામ આપ્યું હતું 'ફૂલ મસ્તી' (જે કદીક પ્રણવે અને મેં અમારા સંભવિત હાસ્યસામયિકનું નામ વિચાર્યું હતું)

તેમાં દસ અંગ્રેજી કાર્ટૂનિસ્ટો વિશે બબ્બે પાનામાં વિગતો અને તેમનાં કાર્ટૂન આપ્યાં હતાં. કાર્ટૂનકલામાં રસ ધરાવનાર અને 'કાર્ટૂન એટલે આર.કે.લક્ષ્મણ' એવી ગેરસમજ ધરાવનાર કોઈ પણ વ્યક્તિને તેમાં મઝા પડી જાય અને ઘણું જાણવાનું પણ મળે, એવી સામગ્રી તેમાં હતી. બીરેને તૈયાર કરેલી 'મૅડ' સ્ટાઇલની દશ્યાત્મક રમૂજોવાળી ત્રણેક આઇટેમો હતી. પરંતુ તેમાં સૌથી તોફાની અને બનાવતી વખતે પણ અપાર આનંદ-મસ્તી પ્રેરનારી ચીજ હતી 'ગદ્યકારોનું કવિતાકર્મ'. તેમાં અમે એક સિચ્યુએશનની કલ્પના કરી હતી અને તેના વિશે જુદા જુદા કટારલેખકો પોતપોતાની શૈલીમાં અછાંદસ કવિતા લખે તો તે કેવી હોય, એવી ગમ્મત હતી. પૅરડીની ઝલક આવતા પ્રકરણમાં, પણ જેમની શૈલીની પૅરડી કરવામાં આવી હતી એવાં કેટલાંક નામ: ચન્દ્રકાન્ત બક્ષી, ગુણવંત શાહ, ગુ.છો. શાહ, કાન્તિ ભટ્ટ, અશ્વિની ભટ્ટ, વિનોદ ભટ્ટ, મોરારિબાપુ, રજનીશ

# સુપ્રિમ કોર્ટની ફટકાર બાદ યોગી સરકાર કાવડ યાત્રા નહીં યોજે

ન્યુ દિલ્હી/લખનઉ,તા.૧૮

આ વર્ષે ઉત્તર પ્રદેશમાં યોજાનારી કાવડ યાત્રાને કોરોના મહામારીના પગલે રદ્દ કરવામાં આવી છે. રાજ્ય સરકાર અને કાવડ સંઘ વચ્ચે યાત્રાને લઈને વાતચીત થઈ હતી અને ત્યાર બાદ સંઘે યાત્રા રદ્દ કરવાનો નિર્ણય લીધો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ પર અપર મુખ્ય સચિવ (ગૃહ) અવનીશ અવસ્થી અને ડીજીપી મુકુલ ગોયલે કાવડ સંઘ સાથે વાતચીત કરી હતી.

તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટમાં કાવડ યાત્રાને લઈ સુનાવણી થઈ હતી અને કોર્ટે યોગી સરકારને પુનર્વિચાર માટે તક આપી હતી. સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે કોર્ટને જણાવ્યું હતું કે, પ્રદેશમાં કાવડ યાત્રા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં રહે અને સાંકેતિક સ્વરૂપે કાવડ યાત્રા ચાલુ રહેશે. જોકે સુનાવણી દરમિયાન કોર્ટે યુપી સરકારને ફેરવિચારણા માટે કહ્યું હતું.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ દરેક માટે ખૂબ મહત્વનો વિષય છે. દરેક વ્યક્તિની જિંદગી સૌથી મહત્વની છે. ધાર્મિક અને અન્ય ભાવનાઓ મૌલિક અધિકારને આધીન નથી. આ તરફ કેન્દ્ર સરકારે પણ સુપ્રીમ કોર્ટમાં કાવડ યાત્રાને ઉત્તરાખંડ જવાની મંજૂરી ન આપવી જોઈએ તેમ કહ્યું હતું.

આ વખતે ઉત્તરાખંડ સરકારે કાવડ યાત્રા પર પ્રતિબંધ મુક્યો હતો. સાથે જ રાજસ્થાનની અશોક ગેહલોત સરકારે પણ રાજ્યમાં કાવડ યાત્રા પર પ્રતિબંધ મુક્યો હતો. બિહાર, ઓડિશા, ઝારખંડમાં પણ યાત્રા પર પ્રતિબંધ મુકાઈ ચુક્યો છે.

સુપ્રીમ કોર્ટમાં સોમવારે ફરી આ મામલે સુનાવણી થવાની છે જેમાં રાજ્ય સરકાર શ્રાવણ મહિનામાં કાવડ યાત્રા રદ્દ કરવાની જાણકારી આપશે. શ્રાવણ મહિનામાં શ્રદ્ધાળુઓને ગંગાજળ ઉપલબ્ધ કરાવવાની યોજનાને લઈને પણ સરકાર કોર્ટમાં પ્લાન બતાવી શકે છે. ગત વર્ષે પણ કાવડ સંઘે જ સરકાર સાથે વાતચીત બાદ કાવડ યાત્રા આયોજિત ન કરવા પર સહમતિ દર્શાવી હતી.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય, રચના
વિષય : " મોક્ષ - માયા,, પ્રાણ - પ્રકૃતિ " વિષયક રચનાઓ. દિવસ - ૧

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG.SS.NO:004
વિષયઃ પ્રાણ અને પ્રકૃતિ મોક્ષ અને માયા
પ્રકાર :પદ્ય(મુક્તપંચિકા)
શીર્ષકઃ આડંબર

મનડું વિષ
તણું ભરેલ
આડંબર ભરેલ
જીવન તંતુ
છે મોક્ષ માયા..!
હું પણું ધરે
કાર્ય ધારણ
આડંબર ના છોડે
પ્રાણ -પ્રકૃતિ
જીવે મરે હું..!
હું અને તું ના
જીવન અંગ
આડંબર કહે જે,
પ્રાણ -પ્રકૃતિ
સંગ જ છૂટે..!
ન મોક્ષ આશ
ન માયા પાસ
આડંબર ધરે જે
ના પામે મુક્તિ
આડંબરથી..!

જયશ્રી પટેલ, વડોદરા

---

NOG SS NO:0032
વિષય : પ્રાણ અને પ્રકૃતિ મોક્ષ અને માયા
પ્રકાર :પદ્ય
શીર્ષકઃ મોહમાયા

વ્હારે આવો પ્રભુ પ્રેમથી,
અમારા ભાઈના દુ:ખડાં
કાપો શ્રી પ્રભુ હરિ.........
જીવડો સુખદુ:ખમાં રહયો,
હવે વાટ બતાવો પ્રભુશ્રી હરિ.
હવે છોડાવો મોહમાયા જીવડાને .
પ્રભુ વલ્લભ શ્રી હરિ...
અમે હાર્યા તમે જીતશો પ્રભુ,
મજધારમાં ડૂબતી નાવડી.
પ્રભુ આવો હવે વહેલેરાં,
મોક્ષ આપો હવે જીવડાંને.
શ્રી પ્રભુ હરિ....
પ્રભુ હવે રુબરુમાં આવો,
શ્રી વલ્લભ પ્રભુ શ્રી હરિ.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ .

NOG.SS.No: 0092
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ-પ્રાણ અને પ્રકૃતિ

એક પ્રકૃતિ ઇશ્વરદત્ત,
જે બહારના જગતમાં દેખાય.
જળ,જંગલ,જમીન અને જાનવર રૂપે,
ઈશ્વરની ભેટ સમ તે સોહાય.
બીજી પ્રકૃતિ માનવની ભીતર,
કુટુંબ અને નિજ વાતાવરણથી ઘડાય.
ટેવો, મૂલ્યો અને
વર્તણુંક રૂપે,
માનવના વ્યક્તિત્વમાં તે દેખાય.
ક્યાંક માનવ પ્રકૃતિ જડ બની જતી,
ક્યાંક સ્થિતિ પ્રમાણે બદલાય.
માનવ પ્રકૃતિ સંભળાતી વાણીમાં,
તો ક્યાંક વિચારોમાંથી એ ડોકાય.
ક્યાંક દર્શન થતાં એના વર્તણૂકમાં,
તો ક્યાંક મૂલ્યોમાંથી એ
દ્રષ્ટિગોચર થાય.
પ્રાણ રહેતા દેહમાં
એની ઉપેક્ષા નિત કરાય,
ક્યાંક બીજા માટે તો ક્યાંક પોતાને માટે,
એને પળે-પળ સંતાપાય.
કેટલાંય તીર્થ કે હરિ દર્શન કરે,
પણ પ્રકૃતિ ના બદલાય.
સ્વ પ્રયાસોથી જ એને વિકસાવાય
કે શ્રેષ્ઠતમ બનાવાય.
સમય ઠોકરો વગાડે ભલે,
ને ભલે કાળની વાગે થપાટ,
અહમ પ્રકૃતિને ના બદલવા દે
ભલે સંબંધોની ખુવારી થાય.
ઋતુ અને સમય પરિવર્તનથી કુદરતની પ્રકૃતિ પણ બદલાય, ને માનવ પોતાના અકડપણાં માં જ જડ સમો રહી જાય.
ભલું એનું થાય છે જેની સમય-સંજોગો પ્રમાણે પ્રકૃતિ બદલાય, ભલેને જગમાં એમ કહેવાતું કે
'પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય'.

અલકા મહેતા,ગાંધીનગર.

---

NOG.SS NO /0026
વિષય - મોહ - માયા.
વિભાગ - પદ્ય
ગઝલ - ગા ૧૨

માયાનું શબ દાટી દેજો રાહત થાશે.
મોહ જગે તો ઠારી દેજો રાહત થાશે.
કાંઠે બેસી તોફાનો નાં જોતાં રે'જો,
નાવ ભંવરમાં નાંખી દેજો રાહત થાશે.
કોઈ અગર જો રાહે પથ્થર નાંખે તો પણ,
અવરોધો સૌ ટાળી દેજો રાહત થાશે.
ભાષા વેદ પુરાણોની ના સમજી શકતાં,
મનથી મનને સાંધી દેજો રાહત થાશે.
સંબંધો તૂટે તો પાછા ક્યાં સંધાતા?
ભીતર ભાવો વાળી દેજો રાહત થાશે.

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

---

NOG.SS.No : 100
વિષય : પ્રકૃતિ
પ્રકાર : પદ્ય
શીર્ષક : પ્રાણ

પ્રાણ પ્રાણમાં પરિમલ પ્રકટે,
સ્નેહ સ્નેહનાં સરોવર છલકે.
અદ્રશ્ય હ્રદયના તાર પડખે,
ભક્તિમાં પાષાણ પણ પીઘળશે.
ધીર ગભિરુ અંતર મૌન પડખે,
અદ્રષ્ટ આધીન મન રાણકશે.
નથી કોઈ કશું કયાં શોધતા જડતું,
અગમ મુસાફિર અચંબે મળશે.
બહાર અંદર પવન સ્વરૂપે ફરતો,
અજપા જાપમાં સત્ય ભળશે.
સહેજ સ્પર્શી શકું માટે મથતો,
બળી તાપમાં ખુદને મળશે.

બીજલ જગડ,મુંબઈ, ઘાટકોપર

# ખાલીપો ભળશે

જેમ ખાલીપો દિલોમાં, એક ખૂણે એમ ભળશે
કેમ ભૂલાઈશ મારાથી, વધારે પ્રેમ ઢળશે
ના પછી એ ઝંઝટો રેશે, ખસીને એમ જાશે
ભીતરે રોકી શકે તો રોક, મારો ભ્રમ ટળશે
રાત આખી એ વિચારોમાં જ ભીંસાતો ગયો ને
વાદળોની જેમ દેખાઈ, રહેલો શ્યામ લળશે
પ્યાર કોઈ ખેલ ખેલીની, રમત સમજે નથી એ
વેદનાઓ કેટલી પાળી, હશે ને વ્હેમ ફળશે
સાવ આપી કોલ ઠાલાં તે રડાવી આજ દીધો
પામવાને આ તને કેવો,હવે બેફામ વળશે
આ દિલે માફી તને આપી, હતી ત્યારેજ આમ
નીલ કોઈને હવે આવો, નવો પેગામ મળશે

## ડો નિલેશ ચૌહાણ નીલ



# નરેન્દ્ર મોદી કદાચ છેલ્લી ટ્રેન છે !

રોહિત શાહ

આપણી તો સીધી અને સ્પષ્ટ ડિમાન્ડ છે કે ભારત દેશ હવે બિન-સાંપ્રદાયિક રહેવાને બદલે પૂર્ણ હિન્દુ રાષ્ટ્ર બની જવો જોઈએ.

બિનસાંપ્રદાયિકતાના રૂપાળા લેબલને કારણે ભારત દેશે સતત પારાવાર નુકસાન વેઠ્યું છે અને માત્ર હિન્દુઓએ પુષ્કળ માર ખાધો છે. જે કટ્ટરવાદી લોકોએ વિભાજન કરાવ્યું, અખંડ ભારતના ટુકડા કરી નાખ્યા, એ લોકોને તો પોતાનું અલગ ઈસ્લામિક રાષ્ટ્ર પણ મળી ગયું અને ભારતમાં એમને લઘુમતી તરીકે વિશેષ અધિકારો પણ મળી ગયા.

પરંતુ હિન્દુઓને શું મળ્યું ?

સમગ્ર વિશ્વમાં માત્ર ભારત જ એવો દેશ છે, જેમાં હિન્દુઓની સંખ્યા સૌથી વધુ છે ! તો ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવામાં વાંધો શાનો હોય ? દુનિયામાં ઈસ્લામિક રાષ્ટ્રો ઘણાં છે, ખ્રિસ્તી રાષ્ટ્રો પણ છે, બૌદ્ધ રાષ્ટ્રો પણ છે. માત્ર હિન્દુ રાષ્ટ્ર એક પણ નથી !

આનું કારણ શું ? હિન્દુઓમાં ભરપૂર જાતિવાદને કારણે કુસંપ અને પોતાના અધિકાર મેળવવાની જિદ્દનો અભાવ...! આજ સુધી હિન્દુઓને કટ્ટર થતાં આવડ્યું જ નથી, એટલે તેઓ ઉદાર બનીને અન્યાય અને અત્યાચાર વેઠતા રહ્યા. 'ગંગા-જમની તહેજીબ'નો વન-વે માર્ગ માત્ર હિંદુઓ જ પ્રશસ્ત કરતા રહ્યા. લઘુમતી તરીકે સરકારી લાભ લેતી રહેલી મુસ્લિમ પ્રજા હવે ભારતમાં લઘુમતિ છે જ નહી ! એ તો સેકન્ડ મેજોરિટી પ્રજા થઈ ગઈ છે... એમને હજી ક્યાં સુધી પંપાળી-પંપાળીને લઘુમતીના લાભો આપતા રહેવાનું છે ? દેશની કુલ વસ્તીના દસ ટકા કરતાં જેની વસ્તી ઓછી હોય એને જ લઘુમતી તરીકેના અધિકારો મળવા જોઈએ ને ! ભારતમાં હિન્દુઓએ લાઈફટાઈમ આ કહેવાતી લઘુમતી પ્રજાને પોતાના માથે બેસાડીને રાખવાની છે કે શું ?

જે બાબર રાજા મૂળભૂત રીતે ભારત દેશનો નહોતો અને બહારથી આક્રમણ કરીને અહીં આવ્યો હતો, એના નામની મસ્જિદ ભારતમાં હોય જ શાની ? અને એને હટાવવામાં આટલાં વર્ષો સુધી આનાકાની શાની ?

છતાં આવું તો ઘણું બધું આ દેશમાં વર્ષોથી ચાલતું રહ્યું છે. હિન્દુઓની ઉદારતાને કાયરતા સમજીને તેમને હંમેશાં કચડવાનો જ પ્રયત્ન થયો છે.

આજે નરેન્દ્ર મોદી જેવો એક સમર્થ નેતા હિન્દુઓના હિતમાં અને ભારતના ગૌરવ માટે એકલે હાથે ઝઝૂમી રહ્યો છે, ત્યારે આપણે એના હાથ મજબૂત કરવાને બદલે એને પછાડવાના પેંતરા કરીને આખરે તો આપણી પામરતા જ પુરવાર કરીએ છીએ.

આપણે એક વાત યાદ રાખવી જોઈએ કે કંઈક મેળવવા માટે કંઈક ચૂકવવું પડતું પણ હોય છે. અત્યાર સુધી સત્તા પર રહીને જે લોકોએ દેશને બરબાદ કર્યો છે, તેઓ હવે દેશને ગૌરવવંતો અને તાકતવર બનતો જોઈ નથી શકતા. એટલે મોદીને હટાવવાની ઝુંબેશના ઝંડા લઈને રોજરોજ નીકળી પડે છે. એવા લોકોથી સાવધ રહેવાની જરૂર છે.

અત્યારે કોરોનાની સંકટ અને સંઘર્ષમય સ્થિતિમાં, રાષ્ટ્ર અને હિન્દુ ધર્મનું ગૌરવ વધે એ માટે પ્રજાએ થોડોક સંયમ રાખીને, નરેન્દ્ર મોદીની પડખે ખડા રહેવાની જરૂર છે. સહેજ અતિશયોક્તિ લાગે તો પણ હું તો કહીશ જ કે, ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવા માટે કદાચ નરેન્દ્ર મોદી નામની આ છેલ્લી ટ્રેન છે. ગુજરાતીમાં એક કહેવત છે કે 'દૂધ આપતી ગાયની ક્યારેક લાત પણ ખાવી પડે !' તો ભારતને હિન્દુ રાષ્ટ્ર તરીકેનું ગૌરવ અપાવનાર નેતાની એકાદબે નાનીમોટી ભૂલો થઈ પણ હોય, તો એ ટીકાપાત્ર ન ગણાય. એને દૂધ આપતી ગાયની લાત સમજીને એનું સ્વાગત જ કરવાનું હોય.

કહેવાય છે કે મરદ માણસની તો મૈયતમાંય જવાય, પણ હીજડાની જાનમાં પણ ન જવાય ! હું તો નરેન્દ્ર મોદીનો પરમ ભક્ત છું, છું અને છું જ. એમાં મને કશું છુપાવવા જેવું લાગતું નથી. કોઈ નાદાન માણસ મને સરકારી લેખક કહે અથવા કોઈ મૂરખનો સરદાર મારી કલમને વેચાયેલી કલમ કહે, એથી મને કોઈ ફરક પડતો નથી. મેં નરેન્દ્ર મોદી વિશે અગાઉ એક પુસ્તક લખેલું હોવા છતાં, આજ સુધીમાં ક્યારેય એમને રૂબરૂ મળ્યો નથી કે મળવાનો પ્રયત્ન પણ કર્યો નથી. મને એમના તરફથી ન કોઈ લાલચ છે, ન કોઈ ભય છે. કોઈ માને કે ન માને, મારા આત્માની સાક્ષીએ આટલું સત્ય પર્યાપ્ત છે.??

મને તો બસ, અત્યારે નરેન્દ્ર મોદીના નેતૃત્વ માટે છલોછલ આદર છે. બાકી તો શ્રીરામની પણ ટીકા કરનારા ધોબીઓ ક્યાં નહોતા ?

# દ્વારકાધીશના શીખર ઉપર પુનઃ ભગવાનની ધ્વજા ચડાવાઈ



દ્વારકા,તા.૧૮

આજરોજ ફરી પુનઃ ભગવાન દ્વારકાધીશના શીખર ઉપર ધ્વજા આરોહણ કરાયુ છે. રોજની પાચ ધ્વજાજી ભગવાન દ્વારકાધીશ મંદિર શીખર પર ચડાવાય છે.

જગત મંદિર ના શીખર પર વીજ પડયા બાદ આજરોજ સૌપ્રથમ વાર પહેલી ધ્વજા ભગવાન દ્વારકાધીશ મંદિર શીખર પર પુનઃ ધ્વજા ચડાવાઈ. વીજ પડવાથી નુકસાન થયેલ શિખર ધ્વજ પર રીપેરીંગ કામ પુર્ણ થતા સુપ્રિસિદ્ધ મંદિરમાં ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતુ. ત્રણ દિવસથી અડધી કાઠીએ ધ્વજા ચડાવવામાં આવતી હતી આજથી શિખર ધ્વજ પર ધ્વજા ચડાવામાં આવી.

ગુજરાતના સુપસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં ત્રણ દિવસથી અડધી કાઠીએ ધ્વજા ફરકાવવામાં આવી હતી. શિખર ધ્વજા પર ધ્વજા ચડાવવા માટેની પાટલીના બે ભાગને વીજ પડવાથી નુકસાન પહોંચ્યું હતુ. જેને લઈને આજે અડધી કાઠીએ ધ્વજા ચડાવાઈ છે.

શિખર ધ્વજ પર અબોટી પરિવાર જે પાટલી પર બેસી ધ્વજા ચડાવે છે, તે પાટલીના વીજ પડવાથી બે ભાગ થયા છે અને મોટું નુકસાન પહોંચ્યું હતુ.

## વલસાડ જિલ્લામાં આભ ફાટ્યું, ધોધમાર વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાયા

# ઉમરગામમમાં મેઘાની તોફાની બેટિંગઃ બે કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો

વલસાડ,તા.૧૮

વલસાડ જિલ્લામાં વહેલી સવારથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યાં છે. હવામાન વિભાગ દ્વારા વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે આજે વહેલી સવારથી ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યાના બે કલાકમાં વલસાડના ઉમરગામમાં ૮.૪૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. જયારે સંઘ પ્રદેશ દમણમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. દમણમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯.૪૮ ઈંચ વરસાદ વરસ્યો છે.

જિલ્લાના ઉમરગામમાં બે કલાકમાં ઉમરગામ – વાપીમાં ૯-૯ ઈંચ, વલસાડમાં ૬ ઈંચ વરસાદ પડ્યો છે. જલાલપોરમાં ૫ ઈંચ, નવસારીમાં ૪.૫ ઈંચ વરસાદ પડ્યો છે. ગણદેવીમાં ૪ ઈંચ, ચીખલીમાં ૩.૫ ઈંચ વરસાદ પડ્યો છે. સવારથી જ વલસાડ નવસારી પર મેઘો મહેરબાન થયો છે. વલસાડના વાપીમાં ૯ ઈંચ વરસાદ પડ્યો છે. ઉમરગામમા પણ નવ ઈંચ વરસાદ પડ્યો છે. ભારે વરસાદના પગલે વલસાડ શહેરની શાકભાજી માર્કેટમાં વરસાદી પાણીનો ભરાવો થયો છે. શહેરના છીપવાડના દાણા બજાર અને નાની ખાત્રીવાડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. છીપવાડ રેલવે ગરનાળુ અને મોગરવાડી ગરનાળામાં વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો છે. શાકભાજી માર્કેટમાં વરસાદી પાણી ભરાવો થવાથી શાકભાજી વેંચતા વેપારીઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે. ઉમરગામ વિસ્તારમાં ૮ ઈંચ વરસાદ ખાબકતા ઉમરગામની પરિસ્થિતિ ગંભીર બની રહી છે.

જિલ્લામાં સવારથી ભારે પવન સાથે વરસાદ પડતાં ધરમપુર રોડ ઉપર આંબલીનું મહાકાય વૃક્ષ ધરાશાય થતા વલસાડ ધરમપુરનો મુખ્ય માર્ગ બંધ થઈ ગયો હતો. જેને લઈને એક કલાક સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક પ્રસાસન દ્વારા ઝાડ હટાવવાની કાનગીરી હાથ ધરવામાં આવી રહી છે. રૂરલ પોલીસની ટીમને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચી ઝાડને દૂર કરવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સંઘ પ્રદેશ દમણમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. દમણમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯.૪૮ ઈંચ વરસાદ વરસ્યો છે. દમણમાં ભારે વરસાદથી અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેમાં દાભેલ ચેક પોસ્ટ તથા મોટી દમણ, મગરવાડા ઘડિયાળ સર્કલ પાસેના વિસ્તારો સહિત અન્ય વિસ્તારોમાં પાણી ભરાયા છે.

નવસારી જિલ્લામાં છેલ્લા અનેક દિવસોથી બફારા અને ગરમીથી ત્રાસેલા લોકોને રાહત મળી છે. રાતથી વરસી રહેલા વરસાદને કારણે નવસારી શહેર અને અન્ય તાલુકા મેઘમહેર થઈ છે. જેના કારણે રોડ રસ્તા અને ઘરોમાં પાણી ભરાયા છે જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.

હવામાન વિભાગ દ્વારા ૨૧મી જુલાઈ સુધી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય તથા ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી જાહેર કરાઈ છે. અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધી ૫.૩૧ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૧૯.૬૩ ટકા વરસાદ નોંધાયો છે. જેની સરખામણીએ ગત વર્ષે ૧૫ જુલાઈ સુધીમાં ૭.૯૧ ઈંચ સાથે મોસમનો ૨૮.૭૨ ટકા વરસાદ નોંધાયો હતો.

## સંસ્થા સમાચાર

### અક્ષરધારા ફાઉન્ડેશન દ્વારા સમાજસેવાના વિવિધ કાર્ય

અક્ષરધારા ફાઉન્ડેશન દ્વારા ગરીબ, ખાસ કરીને આદિવાસી બાળકોને શિક્ષણ આપવું, રમતગમતમાં આગળ લાવવા, ખેડૂતોને ખેતીનું અત્યાધુનિક જ્ઞાન આપીને નવા વિવિધ પાક લેવામાં અને ઉત્પાદન વધારવામાં મદદ કરવી, કેન્સરના દરદીઓ અને તેઓના સગાંને નિયમિત પૌષ્ટિક ભોજન આપવું, પછાત વિસ્તારોની છોકરીઓને બેડ ટચ સહિતના શારીરિક ફેરફારની જાણકારી આપવી, સેનિટરી પેડ્સ, દાંતની સફાઇની જાણકારી આપવી અને તેના માટે મદદ કરવી, લોકડાઉન દરમિયાન પ્રવાસી શ્રમિકોને ભોજન, પાણી પહોંચાડવું વગેરે સેવાકાર્ય નિયમિત કરાઇ રહ્યા છે. દાન ઉત્સવમાં મુંબઈ પાસેના પાલઘર તાલુકાની જિલ્લા પરિષદની શાળાઓ સહિત ગામડાંની વિવિધ સ્કૂલમાં પુસ્તકો, નોટબુક, ભોજન, કપડાંનું વિતરણ કરાય છે અને વિદ્યાર્થીઓને ભણવા ઉપરાંત એથ્લેટિક્સ, પર્વતારોહણ સહિતના સ્પોટર્સમાં ભાગ લેવા પ્રેરણા અપાય છે. પાલઘર તાલુકા ઉપરાંત અમદાવાદ સહિતના વિસ્તારોની કુલ પચીસ સ્કૂલમાં પીવાના પાણી, ટોઇલેટની સગવડ કરવી, સ્વચ્છતાના પાઠ ભણાવવા જેવા કાર્ય પણ હાથ ધરાય છે. વધુ વિગત માટે સંપર્ક ફોન - 9820731034. સરનામું- અક્ષરધારા, 805-806, પામ પ્રોજેક્ટ- સી- સોસાયટી, લિંક રોડ, મલાડ વેસ્ટ.

## બારડોલીમાં ૪ ઈંચ વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

# સુરતમાં મેઘરાજાની તોફાની બેટિંગઃ કામરેજમાં બે કલાકમાં ૪.૫ ઈંચ વરસાદ

સુરત,તા.૧૮

સુરત જિલ્લામાં વહેલી સવારથી જ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. ગાજવીજ સાથે બારડોલી, મહુવા, પલસાણા અને કામરેજમાં વરસાદ ખાબક્યો છે. કામરેજમાં બે કલાકમાં ૪.૫ ઈંચ વરસાદ પડી ચૂક્યો છે. જયારે સવારથી મહુવામાં ૩.૫ અને બારડોલીમાં ૪ ઈંચ, પલસાણામાં ૩.૫ અને ઉમરપાડામાં ૩ ઈંચ વરસાદ નોંધાયો છે. બારડોલીમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. સામરીયા મોરા, આર.ટી.ઓ નજીક સહિત અનેક વિસ્તારોમાં ઘૂટણસમાં ભરાયા છે. મામલતદાર કચેરીની સામે આવેલા વસાહતમાં લોકોના ઘરોમાં ૩ ફૂટ કરતા વધુ પાણી ભરાયું હતું. એમ.એન પાર્ક અને ભરવાડ વસાહત વરસાદના કારણે જનજીવન ઉપર તેની સીધી અસર દેખાઈ રહી છે.

સુરત જિલ્લાના બારડોલી, કામરેજ, મહુવા, માંડવી, ઓલપાડ, પલસાણા તાલુકામાં સવારથી જ પવન સાથે વરસાદ શરૂ થયો છે. સુરત શહેરમાં હળવા વરસાદી ઝાપટા જોવા મળી રહ્યા છે. આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું છે ત્યારે સુરતમાં પણ મેઘ મહેર થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

બારડોલીના ક્રિષ્ના નગરની બહાર આવેલ તોતિંગ વૃક્ષ ધરાશાયી થયું હતું. વૃક્ષ બાજુમાંથી પસાર થતા વીજ લાઈન પર પડતા ૩ જેટલા વીજ પોલ પણ તૂટ્યા હતા. જીવંત વિજતારો રસ્તા પર પડતા વાહનોની અવરજવર બંધ કરી દેવાયો છે.

# કચ્છની ધરતી ફરી એકવાર ધ્રૂજી: ૩.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

કચ્છ,તા.૧૮

કચ્છમાં ભૂકંપના આંચકા આવવાની ઘટનાઓ છાશવારે બની રહી છે. આજે પણ ફરી એકવખત ધરતી કંપન થતાં સ્થાનિકોમાં ચિંતા જોવા મળી હતી, તો કેટલાક લોકો ઘરની બહાર પણ દોડી આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે, રવિવારે બપોરે ૧૨.૪૩ કલાકે કચ્છમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો આવતા સ્થાનિકોના જીવ તાળવો ચોંટયા હતા. રિકટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૯ની નોંધવામાં આવી છે. તો ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૯ કિલોમીટર દૂર નોંધાયું હતું.

## ખેડુતોના કલ્યાણ માટે સહકારીતા થકી સહકારી સંસ્થાઓ કાર્ય કરે છે.:મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

# ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ઉંઝા દ્વારા આયોજીત પાક સહાય ચેક વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી વર્ચુઅલ માધ્યમથી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું

રાજ્યમાં સહકાર અને સહકારીતાની ઉજજવળ પરંપરા અમુલ જેવું ઉંઝા એ.પી.એમ.સીનું યોગદાન રહેલું છે જે ગુજરાતને ગૌરવ લઇ શકાય તેવી સંસ્થા છે. તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉંઝા ખાતેના કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહી ખેડુતોને જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે ઉંઝા બજાર સમિતિ સૌથી જુની ૧૯૫૪ થી ખેડુતોના હિતો માટે કાર્યરત છે.તેમણે જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીશ્રીએ સહકારીતા પ્રધ્ધતિથી થકી રાષ્ટ્રનો વિકાસ થાય તે દિશામાં પ્રેરણાદાયી પગલું ભરી સહકાર વિભાગની શરૂઆત કરી છે.તેમણે ઉમેર્યું હતું કે રાજયમાં અમુલ,ઉંઝા બજાર સમિતિ સહિત સહકારી સંસ્થાઓ દેશને દિશા દર્શન કરી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સહકાર એ સરકાર,સહકાર અને નાગરિકોનો સમનવ્ય છે. ખેડુતોના કલ્યાણ માટે સહકારીતા થકી સહકારી સંસ્થાઓ કાર્ય કરે છે. તેમણે ઉમેર્યું હતું કે ઉંઝા બજાર સમિતિ દ્વારા પાક સહાય ચેક આપી ખેડુતો પ્રતિ ચિંતા વ્યક્ત કરી છે. તેમજ સંસ્થા દ્વારા અકસ્માત વીમા યોજના,ટ્રી ગાર્ડ,કોવિડ માટે ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન આપવાની થઇ રહેલ કામગીરીની પ્રશંસા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખેડુતોની તેની ઉપજના ભાવ મળી રહે તે માટે દેશના પ્રધાનમંત્રીશ્રીએ ખેડુતોની આવક બમણી કરવાની કલ્પના કરી છે.સરકાર દ્વારા ખેડુતોને કેન્દ્રમાં રાખીને વિવિધ યોજનાઓ અમલમાં બનાવાઇ છે. તેમણે ઉમેર્યું હતું કે ભુતકાળમાં ખેત ધિરાણના ૧૮ ટકા વ્યાજ ખેડુતો પાસે લેવામાં આવતું હતું આજે શૂન્ય ટકાએ રાજ્યના ૧૭ લાખ ખેડુતનો ધિરાણ આપી વ્યાજની ચુંગાલમાંથી બહાર લાવવાનું ભગીરથ કાર્ય સરકાર દ્વારા કરાયું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષમાં ખેડુતોનું હિત હૈયે લઇને ૧૭ હજાર કરોડ રૂપિયાની ટેકના ભાવથી ૩૮ લાખ ખેડુતોના ૩૨ લાખ ટન ખેત ઉત્પાદનોની ખરીદી કરાઇ છે.રાજ્ય સરકારે ૧૯૯૫ થી કૃષી વીજભારમાં એકપણ પૈસૌના વધારો કર્યો નથી જેનાથી ખેડુત સમૃધ્ધ બન્યો છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યું હતું કે ખેડુતોના હિત માટે કમોસમી વરસાદમાં ૨૦૧૯માં ૩૭૯૫ કરોડ,૨૦૨૦માં ૩૭૦૦ કરોડ અને તાઉતે વાવાઝોડામાં ત્રણ અસરગ્રસ્ત જિલ્લાઓના નાગરિકો માટે ૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે.તેમણે ઉમેર્યું હતું કે જગતનો તાત ખરા અર્થમાં તાત બની રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સાત પગલાં ખેડુત કલ્યાણના,કિસાન સુર્યોદય યોજના સહિત અનેક વિધ યોજનાઓ થકી ખેડુત સમૃધ્ધ થયો છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યું હતું કે કોરોનાની મહામારીમાં ગુજરાર સરકારે શ્રમજીવીઓની ચિંતા કરી વ્યપાર ધંધા ચાલુ રાખ્યા હતા.લોકડાઉન આપ્યા વિના આપણે બીજી વેવને કંટ્રોલ કરી શક્યા છીએ તેમ જણાવી ત્રીજી વેવ માટે પણ સરકારે તૈયારીઓ પુર્ણ કરી છે તેમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે બીજી વેવ પહેલા ૭૦ મેટ્રિક ટન ઓક્સિજનનો વપરાશ થતો હતો પરંતુ બીજી વેવના પીક સમયે ઓક્સિજનનો વપરાશ ૧૨૦૦ મેટ્રિક ટન થયો હોવા છતાં સરકારની પ્રતિબધ્ધાને પગલે ઓક્સિજને અભાવને એક પણ નાગરિકનું અવસાન થયું નથી.

મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ ઉમેર્યું હતું કે રાજ્યમાં ૪૫ હજાર ઓક્સિજન બેડ હતા જે વધારીને ૦૧ લાખ પથારી કરી છે. ૦૮ લાખ નાગરિકો કોરોનાથી મુક્ત થઇ સ્વસ્થ થયા છે.કોરોનામાં અનાથ થયેલ બાળકો સાથે સંવદેના રાખી માસિક રૂપિયા ૪ હજાર આપવાની પણ શરૂઆત કરાઇ છે.

કાર્યક્રમમાં જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું કે ઉંઝા એ.પી.એમ.સી એ અન્ય માટે માર્ગદર્શન રૂપ છે. આ બજાર સમિતિની કામગીરી ઉદાહરણરૂપ છે., તેમણે જણાવ્યું હતું કે ખેડુતો માટે અને ખેડુતોની ઉન્નતિ થાય તે માટે ઉંઝા બજાર સમિતિની આ કાર્ય આવકારદાયક છે. ઉ ં ઝ ા તાલુકામાંથી જીરૂ-વરીયાળી અને ઈસબગુલ જેવા પાકો લુપ્ત થતા જાય છે.ખેડુતો જીરૂ અને ઈસબગુલ પાકોનું વાવેતર કરતા પ્રેરાય તે માટે એ.પી.એમ.સી ઉંઝા દ્વારા ૦૧ એકરની મર્યાદામાં રૂપિયા ૪૮૦૦ની સહાય યોજના અમલમાં મુકી છે.જે ચેક સહાય કાર્યક્રમ




રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા વર્ચુઅલ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૩૩ ગામના ૨,૨૮૯ લાભાર્થીઓને રૂ.૮૬.૯૭ લાખની સહાય મંચ પરથી આપવામાં આવી હતી

આ ઉપરાંત વૃક્ષોની વાવેતર થાય તે દિશામાં એ.પી.એમ.સી દ્વારા વિવિધ સંસ્થાઓને તાલુકામાં ૧૦૦૦ ટ્રી ગાર્ડ આપાવનો નિર્ણય કર્યો છે જેના ભાગ રૂપે પ્રતિક સ્વરૂપે સંસ્થાને ટ્રી ગાર્ડ એનાયત કરાયું હતું.

સહકારી સંસ્થા બજાર સમિતિ ઉંઝા દ્વારા સામાજિક સંવેદનના ભાગ રૂપે આગામી સમયમાં સંભવિત કોરોનાની ત્રીજી લહેરની તૈયારીના ભાગ રૂપે ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન સેવાભાવી સંસ્થાઓને આપવામાં આવ્યા હતા. ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ઉંઝા દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં ધારાસભ્ય ડો આશાબેન પટેલ, જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલ,જિલ્લા વિકાસ અધિકારી ડો.ઓમ પ્રકાશ,જિલ્લા પોલીસ અધિક્ષક ડો પાર્થરાજસિંહ ગોહિલ, સામાજિક અગ્રણી સોમાભાઇ મોદી,અગ્રણી જશુભાઇ પટેલ,કે.સી પટેલ, કૌશલ્યા કુંવરબા પરમાર,એ.પી.એમ.સી ચેરમેન દિનેશભાઇ પટેલ સહિત ખેડુતો તેમજ એ.પી.એમ.સીના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**સુરતમાં પોલીસ મુખ્ય મથક ખાતે માન. ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહજી જાડેજા તથા ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ જી ની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે ડાઇનિંગ શેડ લોકાર્પિત કરાયો. આ પ્રસંગે સુરતના મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા અને શહેર પોલીસ કમિશનર શ્રી અજયકુમાર તોમરજી ઉપસ્થિત રહ્યાં.**




**સતત વધતી મોંઘવારી અને તેલ, અનાજ અને ગેસ ના ભાવ વધારા વિરુદ્ધ આજ રોજ કોંગ્રેસના ધારાસભ્ય શ્રી ઈમરાન ખેડાવાલા તથા જમાલપુર ખાડીયા વિધાનસભાના તમામ આગેવાનો કાર્યકરો જમાલપુર દરવાજા ખાતે સુત્રોચાર અને દેખાવો યોજવામાં આવ્યા અને પોલીસ દ્વારા મોટી સંખ્યા માં કોંગ્રેસ આગેવાનો ની ધરપકડ કરવામાં આવી. ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ**



**તલોદ તાલુકાના પુંસરી ગામે ૧૪ વર્ષથી ચાલતી અસ્થિબેંકમાં જમા થતા અસ્થિને હરિદ્વાર ગંગાજી માં લઈ જઈ વિનામૂલ્યે વિસર્જીત કરાય છે પરંતુ બે વર્ષમાં કોરોના કાળ ને કારણે જઈ શકાયું નહોતું આજેઅસ્થિ બેંકને ખોલવા તો ૮૭૯ અસ્થિ મળેલા છે જેને સંભવતઃ ૧લી ઓગસ્ટ ના રોજ હરિદ્વાર ગંગાજી મા વિસર્જિત કરાશે દર વર્ષે અસ્થિજમા કરાવનાર સ્નેહીજન ને પત્રથી જાણ કરાતી હતી અને ગંગાજી માં વિસર્જિત કર્યા બાદ ફોટો અને પત્રથી જાણ કરાતી હતી પરંતુ ચાલુ વર્ષે અસ્થિસંખ્યા વધુ હોવાથી વ્યક્તિગત કોઈને જાણ કરવી શક્ય નથી પરંતુ ૧લી ઓગસ્ટ બપોરે બે વાગ્યે ની આજુબાજુ ફેસબુકના લાઈવ માધ્યમથી અસ્થિ વિસર્જન જોઈ શકાશે નરેન્દ્ર પટેલ સંચાલક અસ્થિ બેંક પુંસરી ૯૪૨૬૫ ૧૮૫૬૪**

# નાંદોદ તાલુકાના ખાખરીપરા ગામે પરિણીતાએ માનસિક શારીરીક ત્રાસથી કંટાળી જઈ આત્મહત્યા કરી

નાંદોદ તાલુકાના ખાખરીપરા (ટીબી) ગામે પરિણીતાએ માનસિક શારીરીક ત્રાસથી કંટાળી જઈ આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે આમલેથા પોલીસ મથકમાં ફરીયાદી રસીકભાઈ કલમભાઈ વસાવા( રહે. ખાખરીપર (ટીમ્બી), તા.નાંદોદ, જી.નર્મદા)એ આરોપી

અ શ્વિ ન ભ ા ઈ ચુનીલાલભાઈ વસાવા (રહે.કુમસગામ, તા.નાંદોદ, જી.નર્મદા)સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત અનુસાર આરોપી અશ્વિનભાઈ તથા મરનાર નીતાબેન વા/ઓ અશ્વિનભાઈ ચુનીલાલ વસાવા



(ઉવ.૨૪ રહે. કુમસગામ, તા.નાંદોદ, જીલ્લો-નર્મદા) બંન્ને પતિ-પત્ની થાય છે. આ કામના આ ર ો પી અ શ્વિ ન ભ ા ઈ ન અંકિતાબેન (રહે.તરોપા)ની સાથે પ્રેમ સંબંધ હોય અને તેને પત્ની તરીકે રાખવા માંગતો હોય. અને મરનાર નીતાબેન આરોપીને બીજી પત્ની રાખવા દેતી ન હોય જેના કારણે આરોપી મરનારબેનને અવાર નવાર ઝગડો તકરાર કરી માર મારી શારીરીક માનસિક ત્રાસ આપતો હોય. અને ગઈ તા.૧૪/ ૦૭/૨૧ના રોજ પણ મરણ જનારની સાથે ઝગડો તકરાર કરી માર મારેલ. નીતાબેન ને તેના પિયરમાં તેના પિતાજીના ઘરે બાળકો સાથે મુકીને જતા રહેતા નીતાબેને આરોપીના કાયમી માનસિક શારીરીક ત્રાસથી કંટાળી જઈ ગઈ તા.૧૪/૦૭/ ૨૦૨૧ ના રોજ પોતે પોતાની જાતે જંતુનાશક ઝેરી દવા પી લઈ આપઘાત કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# બેટી ફાઉન્ડેશન વણી મહારાષ્ટ્ર દ્વારા ડો ગુલાબચંદ પટેલ ની આંતરરાષ્ટ્રીય એવાર્ડ - ૨૦૨૧ માટે થયેલ પસંદગી



ગાંધીનગર ગુજરાત ના સામાજિક કાર્યકર, અધ્યક્ષ અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા દિલ્હી, અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર, ઈંડિયન લાયન્સ ગાંધી નગર સ્વર્મિમ કલબ ના ઉપ પ્રમુખ હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક શ્રી ડૉ ગુલાબચંદ પટેલ ને ×આંતરરાષ્ટ્રીય સમાજ સેવી અવાર્ડ ૨૦૨૧× માટે બેટી ફાઉન્ડેશન વણી મહારાષ્ટ્ર દ્વારા પસંદગી કરવામાં આવી છે.

ડૉ ગુલાબચંદ પટેલ ને આ અવોર્ડ ૫ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ સેલિબ્રિટી ના હસ્તે આપી સમ્માનિત કરવામાં આવશે

ડૉ પટેલ ને પૂજ્ય ઋષિ ગૌતમ ગુરુજી સંસ્થાપક અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નવી દિલ્હી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે, તદ ઉપરાંત દેશની ઘણી સાહિત્ય તથા સેવા સંસ્થા ઓ અને સાહિત્યકાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ડૉ ગુલાબચંદ પટેલ ને આદરણીય પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા ગાંધીજી ની જન્મ ભૂમિ પોરબંદર ખાતે સર્કીટ હાઉસમાં ૨૦૦૯ માં સમ્માનિત કરવામાં આવ્યા છે. તથા પૂજ્ય ધર્મ ગુરુ આંતરરાષ્ટ્રીય કથાકાર રમેશ ભાઈ ઓઝા, મોરારી બાપુ, પ્રમુખ સ્વામી મહારાજ અને કૈલાશ દીદી ઓમ શાંતિ ગાંધીનગર દ્વારા સમ્માનિત કરી આશીર્વાદ આપવામાં આવેલ છે. ડૉ પટેલ ની સામાજિક સેવાઓ માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૦૦ થી વધુ અવાર્ડ સમ્માન એનાયત કરવામાં આવ્યા છે.. શ્રી પટેલ ને એડવોકેટ શ્રી કાંતિભાઈ પટેલ ઈંડિયન લાયન્સ, શ્રી મહેન્દ્ર ભાઈ ચૌહાણ ઈંડિયન લાયન્સ ગાંધીનગર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## સ્ટેચ્યુ પર બોગસ ટિકિટ કૌભાંન્ડ ઝડપાયા પછી તંત્ર બન્યું એલર્ટ.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન પ્રોજેકટની ટીકિટ અધિકૃત વેબસાઈટ અને મોબાઈલ એપ્લીકેશનથી જ બૂક કરાવવાનો આગ્રહ રાખવા અનુરોધ કરાયો

રાજપીપલા, તા૧૮

બે દિવસ પહેલા કેટલાક ખાનગી ટુર્સ અને ટ્રાવેલ્સ કંપનીઓ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટીકિટોમાં છેડછાડ કરી પ્રવાસીઓ સાથે છેતરપીડી કરી વધુ પૈસા પડાવવાનો ગોરખધંધો સ્ટેચ્યુ સત્તાવાળાઓએ પકડી પાડતા તંત્રએલર્ટ બન્યું છે. ટિકિટ ની રકમમા છેડછાડ કરેલી ૨૩ટિકિટ પકડી રકમમા છેડછાડ કરતા ટ્રાવેલ એજન્સી my value trip સામે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ તંત્ર વધુ એલર્ટ બન્યું છે. અને હવે ઓનલાઇન ટિકિટનુ ચેકીગ સઘન બનાવી દીધું છે.

અને તંત્રે પણ પ્રવાસીઓને એલર્ટ રહી બોગસ ટ્રાવેલ એજન્સી પાસે ટિકિટ ન લેતા છેતરપિંડીથી બચવા અધિકૃત વેબસાઈટ www.soutickets.in પરથી જ ટીકિટ બૂક કરાવવાનો આગ્રહ રાખવા અનુરોધ કરાયોછે

આ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સતામંડળના અધિક કલેકટર હિમાંશુ પરીખે જણાવ્યું હતું કે અત્રે આવનાર તમામ પ્રવાસીઓને જાહેર અપીલ કરવામાં આવે છે કે, જ્યારે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન પ્રવાસિય પ્રોજકટના પ્રવાસનું આયોજન કરો ત્યારે અમારી વ ે બ સ ા ઈ ટ www.soutickets.in પરથી જ ટીકિટ બૂક કરાવવાનો આગ્રહ રાખે, અને અમારી એન્ડ્રોઇડ એપ્લિકેશન statue of unity ticket official પરથી પણ ટીકિટ બૂક કરાવી શકાશે. વધુ માહિતી મેળવવા માટે ટોલ ફ્રી નંબર - ૧૮૦૦ ૨૩૩ ૬૬૦૦ પર ફોન કરી શકો છો( મંગળવાર થી રવિવાર,સવારે ૮.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી )

અત્રે ઉલ્લેખનીય છે કેપ્રવેશ સ્થળે અત્યાધુનિક મશિનરી દ્વારા ટીકિટ પર છપાયેલ બારકોડ સ્કેન થાય છે અને અત્રે ખાસ તાલીમ પ્રાપ્ત કર્મચારીઓ રાઉન્ડ ધી કલોક પ્રત્યેક ટીકિટ સ્કેન કરતા હોય છે. એટલે છેડછાડ કરેલ ટીકિટ અથવા તો ડુપ્લીકેટ ટીકિટ તુર્તજ પ્રકાશમાં આવી જાય છે.જોકે આવા લેભાગુતત્વોને ચેતવણી પણ આપવામાં આવી છે કોઈ ટિકિટ સાથે ચેડાં કરતા પકડાશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેકટર હિમાંશુ પરીખે જણાવ્યું હતું કે હાલ કોવીડ પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને માત્ર ઓનલાઇન જ ટિકિટનું વેચાણ કરવામાં આવી રહ્યું છે કોઈપણ સંજોગોમાં હાલ પૂરતું ઓફલાઇન ટિકિટ આપવામાં આવશે નહી. તેમણે વધુમાં એમ પણ જણાવ્યું હતું કે ઓનલાઇન ટિકિટ પર વધુમાં વધુ એક વ્યક્તિ છ (૬)જ ટિકિટ બુક કરાવી શકશે. કારણકે ડ્રોઇંગ ગેલેરી ની કેપેસીટી સાત હજારની છે. કેપેસિટી ને ધ્યાનમાં લઈને મર્યાદિત રીતે ટીકીટ નું વેચાણ કરવામાં આવી રહ્યું છે. તે સાથે સોશિયલ ડિસ્ટન્સ,માસ્ક, સેનેટાઇઝર એ પણ ફરજિયાત રાખવામાં આવેલ છે.

દીપક જગતાપ, રાજપીપલા

# ધીણોજ ખાતે દબાણો હટાવાયા



પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ધીણોજ ખાતે આવેલ રેલવે પુરા ખાતે વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરી દબાણ હટાવવામાં આવ્યા હતા

પ્રાપ્ત થતી માહિતી મુજબ અગાઉ ધીણોજ ગામે દબાણોનો રાફડો ફાટી નીકળ્યો હોવાની માહિતી વહીવટીતંત્રને મળતા તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી ત્યારે કેટલીક દુકાનદારો દ્વારા દબાણ હટાવવામાં આવ્યા ન હતા ત્યારે શનિવારના રોજ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રાખે સાત જેટલી દુકાનોના દબાણો હટાવાયા હતા

ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી યશવંતભાઈ પટેલ ચાણસ્મા તાલુકા પી.આઈ ગોહિલ સાહેબ તેમજ ધીણોજ ગામ ના સરપંચ શ્રી આશાબેન પટેલ સહિતના ઓ દ્વારા ચાણસ્માના ધીણોજ ગામે રેલવે પુરા નજીક આવેલ સાત જેટલી દુકાન નું દબાણ દૂર કરવામાં આવેલ છે તેમજ અડચણરૂપ દબાણો દૂર થતા ગ્રામજનો હાશકારો અનુભવ્યો હતો રીપોર્ટર નિખિલ જોશી પાટણ

# બગસરા ના સમાજ સેવકના સ્મરણાર્થે ગરીબ બાળકોને ફાફડા જમાડવામા આવેલ

બગસરા લેઉવા પટેલ સમાજ બગસરા નાગરિક સહકારી બેંક બગસરા જુથ વિવિધ કાયઁકરી સહકારી મંડળી લી માકઁટીગ યાડઁ બગસરા જેવી વિવિધ સંસ્થાઓ ના આધ્યસ્થાપક તેમજ સમુહ લગ્ન ના પ્રણેતા વડીલ અ.નિ અરજણભાઈ વેલજીભાઈ માંગરોળીયા ના સ્મરણાથેઁ બગસરા બાળ કેળવણી મંદિર પરીસર મા ગરીબ બાળકોને સારુ ક્ષીક્ષણ મળી રહે તેવી ભાવના થી હોસ્ટેલ મા રહેતા બાળકો ને સુરેશભાઈ. જગદીશભાઈ. હરેશભાઈ માંગરોળીયા પરીવાર દ્વારા ગરમાગરમ ફાફડા જમાડવામા આવેલ આ મેસેજ થી દરેક વ્યક્તિ ને વિનંતી કે તમારા સારા નરસા પ્રસંગે જેવા કે જન્મ દિવસ ઉજવણી હોય કે પછી લગ્ન પ્રસંગ હોય અથવા કોઈ ના સ્મરણાથેઁ આપડા વડીલો ને યાદ કરી ને આવા ગરીબ બાળકોને ને મદદ રુપ થવાનો પ્રયાસ કરીએ બગસરા બાળ કેળવણી મંદિર પરીવાર દ્વારા સરસ સેવા કરી રહ્યા છે તે બદલ દેવચંદભાઈ સાવલીયા અને તેમની પુરી ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતા હરેશભાઈ માંગરોળીયા

# અંતરિક્ષમાંથી લીધેલી સ્ટેચ્યુ ઓફ યુનિટીની તસવીર સોસીયલ મીડિયામાં વાયરલ થઈ



રાજપીપલા, તા.૧૮

અમેરિકન કોમર્શિયલ સેટેલાઈટ નેટવર્ક પ્લાનેટદ્વારા અંતરિક્ષમાંથી લીધેલી સ્ટેચ્યુ ઓફ યુનિટીની તસવીર સોસીયલ મીડિયામાં વાયરલ થઈ હતી જે આજે પણ ખૂબ લોકપ્રિય થઇ રહી છે. જોકે આ તસવીર ૧૫ નવેમ્બર ૨૦૧૮ માં લેવાઈ હતી. પણ પ્રવાસીઓ આ સ્પેસમાંથી દેખાતી સ્ટેચ્યુ ઓફ યુનિટી ની તસ્વીર વારંવાર જોઈ રહ્યા છે. આ તસવીર સોશિયલ મીડિયામાં હાલ પણ વાયરલ થઇ રહી છે. અંતરિક્ષમાંથી પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી ને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. જેની સુંદર તસવીર સેટેલાઇટ દ્વારા શેર કરવામાં આવી છે. સ્કાયલેબ અમેરિકન કંપનીએ સેટેલાઇટ ઈમેજદ્વારા તસ્વીર લીધી છે.અત્યાર સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટીને હેલિકોપ્ટરથી કે પ્લેનમાંથી તેનો નજારો જોઇ શકાતો હતો.પણ હવે એથી પણ આગળ જઈને સ્પેસ માંથીઅંતરિક્ષમાંથી પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો અદભુત નજારો જોઇ શકાય છે. ભવિષ્યમા લોકો આંતરિક્ષમા જયારે પ્રવાસ કરશે ત્યારે અંતરિક્ષમાંથી પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો અદભુત નજારો જોવાની તક ચોક્કસ મળશે!

અંતરિક્ષ માંથી લીધેલી તસ્વીર કેટલી સુંદર દેખાય છે. જે તસવીર સોશિયલ મીડિયામાં હાલ પણ વાયરલ થઇ રહી છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.